# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 288 Dt. 03-05-2025 Page : 08 Price : Rs 3








Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


# દેશની તાકાત હથિયાર નહીં, એકતા : મોદી

## અમરાવતીમાં ૫૮૦૦૦ કરોડના પ્રોજેક્ટ લોન્ચ : વિકસિત ભારતનો નખાયો પાયો



નવીદિલ્હી, તા. ૨
આંધ્રપ્રદેશની ધરતી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનનું નામ લીધા વિના તેને મોટો સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારતની તાકાત ફક્ત તેના શસ્ત્રોમાં જ નથી, પરંતુ તેની તાકાત તેની એકતામાં પણ રહેલી છે. પહેલગામ આતંકવાદી હુમલા પર કેન્દ્રના પ્રતિભાવ પર આંધ્રપ્રદેશમાં ગઉઅ સાથી પક્ષો તરફથી ખુલ્લેઆમ સમર્થન મળ્યા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું કે ભારતની આજે તાકાત ફક્ત તેના હથિયારોમાં જ નહીં પરંતુ તેની એકતામાં પણ રહેલી છે. પ્રધાનમંત્રી મોદીએ અમરાવતીમાં એક રેલીમાં આ ટિપ્પણીઓ કરી હતી જ્યારે તેમણે રાજ્યમાં રૂ. ૫૮,૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા હતા, જેમાં ગ્રીનફિલ્ડ રાજધાની અમરાવતીનું બાંધકામ ફરી શરૂ કરવાનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ શહેર એક સ્વપનનું સાકાર અને વિકસિત ભારતનો પાયો છે.

પ્રધાનમંત્રીના સંબોધનની થોડી મિનિટો પહેલા, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે પહેલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કર્યો અને પાકિસ્તાન અને આતંકવાદ સામે પ્રધાનમંત્રીની કાર્યવાહીને ખુલ્લેઆમ સમર્થન આપ્યું. પોતાની



ટિપ્પણીનો ઉલ્લેખ કર્યા વિના, પીએમ મોદીએ ભાર મૂક્યો કે લશ્કરી શક્તિ ઉપરાંત, એકતા પણ ભારતની એક મોટી તાકાત છે. સભાને સંબોધતા તેમણે કહ્યું, ‘‘આજે આપણી તાકાત ફક્ત આપણા શસ્ત્રો જ નહીં પણ આપણી એકતા પણ છે. દેશભરમાં એકતા મોલ બની રહ્યા છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આંધ્રપ્રદેશે યોગ્ય દિશામાં યોગ્ય ગતિએ પોતાની સફર શરૂ કરી છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ રાજ્યના વિકાસમાં કેન્દ્ર તરફથી તમામ શક્ય સહાયની ખાતરી આપી. તેમણે કહ્યું કે આંધ્ર યોગ્ય ગતિએ યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. હું તમને ખાતરી આપું છું કે હું રાજ્યના વિકાસ માટે આંધ્ર સરકાર સાથે ખભે ખભો મિલાવીને કામ કરીશ,‘‘ પીએમ મોદીએ કહ્યું.

મોદીએ કહ્યું કે અમરાવતી એક શહેર નથી પણ એક સ્વપન છે જે સાકાર થઈ રહ્યું છે... એક નવી અમરાવતી, એક નવું આંધ્ર જોઈ શકાય છે. વિકસિત ભારતની ઉર્જા અમરાવતીમાં જોઈ શકાય છે. આજે શરૂ કરાયેલા વિકાસ કાર્યો આંધ્રપ્રદેશના માળખાગત સુવિધાઓને મજબૂત બનાવશે અને વિકાસને વેગ આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમરાવતી એક એવું શહેર હશે જ્યાં દરેક યુવાનોના સપના પૂર્ણ થશે. અમરાવતી એક એવી ભૂમિ છે જ્યાં પરંપરા અને પ્રગતિ એકસાથે ચાલે છે. પહેલગામ હુમલાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ભારત આતંકવાદ સામે કડક કાર્યવાહી કરશે.

આ હુમલામાં ૨૮ નાગરિકોના મોત થયા હતા, અને ભારતીય સેના, અર્ધલશ્કરી દળો અને જમ્મુ અને કાશ્મીર પોલીસે આતંકવાદીઓને પકડવા માટે એક વિશાળ શોધ અભિયાન શરૂ કર્યું છે. ગુપ્ત માહિતીના આધારે હુમલામાં પાકિસ્તાનની સંડોવણીની શંકા વ્યક્ત કરવામાં આવી છે, જેમાં ડિજિટલ પુરાવા મુઝફ્ફરાબાદ અને કરાચીમાં સુરક્ષિત છુપાયેલા સ્થળો તરફ નિર્દેશ કરે છે.

# પાકને આર્થિક રીતે કંગાળ કરશે ભારત

## ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની ‘ગ્રે લિસ્ટ’માં મૂકવા માટે કસી કમર



નવીદિલ્હી, તા. ૨
આતંકવાદ કોઈપણ દેશ માટે સમસ્યા છે. ભારત દાયકાઓથી આતંકવાદ સામે લડી રહ્યું છે. પરંતુ આ દુનિયામાં ઘણા દેશો છે જે આતંકવાદને પોષે છે અને તેનો ઉપયોગ અન્ય દેશો સામે કરે છે. આ યાદીમાં પાકિસ્તાનનું નામ પણ સામેલ છે, જે દાયકાઓથી ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. આતંકવાદીઓને પોષીને, પાકિસ્તાન પોતે જ બરબાદીની અણી પર પહોંચી ગયું છે, દરેક પૈસા માટે તરસ્યું છે, પરંતુ તેણે આતંકવાદીઓને પોષવાનું બંધ કર્યું નથી.

હકીકતમાં, ૨૨ એપ્રિલે, કાશ્મીરના પહેલગામમાં પાકિસ્તાનની કાર્યવાહીને કારણે ફરી એકવાર ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા. આ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે મોરચો ખોલી દીધો છે. હજુ સુધી કોઈ લશ્કરી કાર્યવાહી થઈ નથી, પરંતુ છેલ્લા ૧૦ દિવસમાં ભારતે જે રીતે પાકિસ્તાન પર ચારે બાજુથી દબાણ કર્યું છે તેનાથી તે આઘાતમાં છે.

તમને જણાવી દઈએ કે, પહેલગામ આતંકવાદી હુમલા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આતંકવાદીઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા આપવામાં આવશે. તેમના માસ્ટરનો નાશ થશે, ત્યારબાદ ભારતે આતંકવાદ સામેની રણનીતિ પર કામ કરવાનું શરૂ કર્યું છે. ભારત કોઈપણ લશ્કરી કાર્યવાહી કરતા પહેલા જ પાકિસ્તાનને આર્થિક રીતે નબળું પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનને દુનિયામાંથી મળતું ભંડોળ બંધ કરી દેવું જોઈએ. આનો અર્થ એ થયો કે ભારત પાકિસ્તાન પર એક સાથે બે આર્થિક પ્રહાર કરવાની તૈયારી કરી રહ્યું છે.

ભારત પાકિસ્તાનને ફરી એકવાર ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ની ’ગ્રે લિસ્ટ’માં મૂકવા માટે પોતાની બધી શક્તિથી પ્રયાસ કરી શકે છે, જેથી તેને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરી શકાય. જો ભારત પાકિસ્તાનને ફરીથી ગ્રે લિસ્ટમાં નાખવામાં સફળ થાય છે, તો પાકિસ્તાન આર્થિક રીતે વધુ નાદાર થઈ જશે. અગાઉ, ભારતના પ્રયાસોને કારણે, જૂન ૨૦૧૮ માં પાકિસ્તાનને ’ગ્રે લિસ્ટ’માં મૂકવામાં આવ્યું હતું. જોકે, તે પછી પાકિસ્તાને આતંકવાદને કાબુમાં લેવા માટે કેટલાક પગલાં લીધાં, ખાસ કરીને ૨૬/૧૧ ના મુંબઈ હુમલાના ગુનેગારો સામે કાર્યવાહી, ત્યારબાદ ઓક્ટોબર ૨૦૨૨ માં તેને આ યાદીમાંથી દૂર કરવામાં આવ્યું.

### કોર્ટે EDની ચાર્જશીટ સંબંધિત કેસની સુનાવણી માટે હાજર રહેવા કર્યું ફરમાન

# રાહુલ-સોનિયા ગાંધીની નેશનલ હેરાલ્ડ કેસમાં મુશ્કેલીઓ વધી

નવીદિલ્હી, તા. ૨
નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત પીએમએલએ કેસમાં ઈડીની ચાર્જશીટ પર ધ્યાન આપ્યું છે. કોર્ટે EDની ચાર્જશીટ સંબંધિત કેસની સુનાવણી માટે આરોપી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ જારી કરી છે. આ કેસમાં આગામી સુનાવણીની તારીખે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય આરોપીઓએ કોર્ટમાં હાજર રહેવું પડશે.

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને કોર્ટમાં હાજર રહેવા માટે નોટિસ મળેલી આ ઘટના નેશનલ હેરાલ્ડ અખબાર અને તેની મૂળ કંપની AJL એટલે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિઓ પર કેન્દ્રિત




છે. આમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આરોપી બનાવવામાં આવ્યા છે. અગાઉ, રાઉઝ એવન્યુ કોર્ટે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ED ચાર્જશીટની સુનાવણી કરી હતી, પરંતુ દસ્તાવેજોના અભાવે નોટિસ જારી કરી ન હતી.

ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ નેશનલ હેરાલ્ડ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની કલમ ૩ અને ૪ હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ અને રાહુલ ગાંધીને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. અન્ય આરોપીઓમાં કોંગ્રેસના નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબેનો સમાવેશ થાય છે. કોર્ટે EDને વધુ દસ્તાવેજો રજૂ કરવા કહ્યું હતું. આ પછી આ નોટિસ જારી કરવામાં આવી હતી.

હવે ચાલો જાણીએ કે આ આખો મામલો શું છે. વાસ્તવમાં, નેશનલ હેરાલ્ડ એક ઐતિહાસિક અખબાર છે જેની સ્થાપના જવાહરલાલ નેહરુ દ્વારા ૧૯૩૮માં કરવામાં આવી હતી. EDનો આરોપ છે કે સોનિયા અને રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયન લિમિટેડ (YIL) દ્વારા AJLની ૨,૦૦૦ કરોડ રૂપિયાની મિલકતો માત્ર ૫૦ લાખ રૂપિયામાં મેળવી હતી. EDનો આરોપ છે કે આ વ્યવહાર મની લોન્ડરિંગનો એક ભાગ હતો. આમાં, AJLના ૯૯ ટકા શેર યંગ ઈન્ડિયન લિમિટેડને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. યંગ ઈન્ડિયન લિમિટેડમાં સોનિયા અને રાહુલ ગાંધીનો ૩૮-૩૮% હિસ્સો છે.

# રાજકોટમાં ખેત ઉત્પાદકો પર DRIના દરોડા : દસ્તાવેજો જપ્ત

## આયાત-નિકાસમાં ઘાલમેલ કરતા હોવાની મળી હતી ફરિયાદ : પેઢીધારકોને અમદાવાદનું તેડું, વધુ તપાસ માટે ફરી વખત ટીમ આવી શકે રાજકોટ

રાજકોટ, તા. ૨
છેલ્લા ઘણા દિવસોથી સેન્ટ્રલ એજન્સી કરચોરોને પકડવા માટે ખાસ અભિયાન ચલાવી રહી છે અને તેના ભાગરૂપે જ વિવિધ સ્થળો પર એજન્સી દ્વારા દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે રાજકોટમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા બે પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાજકોટ શહેરમાં કૃષિ ચીજ વસ્તુઓ નું એક્સપોર્ટ કરતી બે પેઢીઓ દ્વારા હિસાબમાં ગોટા કરવામાં આવી રહ્યા છે જે અંગેની ફરિયાદ ડીઆરઆઈને મળતા વિભાગ હરકતમાં આવ્યું હતું. એટલું જ નહીં બંને પેઢી ને નોટીશો પાઠવવામાં આવેલી છે જેમાંથી એક પેઢી ઉપર તો ખુદ અમદાવાદથી અધિકારીઓનો કાફલો દોડી આવ્યો હતો.

સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ઈમ્પોર્ટ એક્સપોર્ટમાં થતા શંકાસ્પદ વ્યવહારો ને ધ્યાને લઈ હાલ એક્સપોર્ટર ને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે જેની પાછળનું બીજું સૌથી મોટું કારણ એ પણ છે કે આ અંગે એક નહીં અનેક વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. જેને ધ્યાને લઈ રાજકોટ ગોંડલ યાર્ડમાં આવેલી દુકાન તથા ઓફિસ ધરાવતા ખેત એક્સપોર્ટર પર છેલ્લા બે દિવસથી અધિકારીઓનો કાફલો જોવા મળ્યો હતો અને તપાસનો ધમધમાટ આગળ ધપાવવામાં આવ્યો હતો. બંને પેઢીમાં કરવામાં આવેલા હિસાબો અને પેઢીનું સાહિત્ય તથા તમામ વ્યવહારો પણ તપાસવામાં આવ્યા હતા એટલું જ નહીં શંકાસ્પદ લાગતા દસ્તાવેજો ને અધિકારીઓ તેમની સાથે લઈ ગયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બંને પેઢીઓ દ્વારા કાંઈક ને કાંઈ શંકાસ્પદ ગતિવિધિઓ કરતા હોવાનું માલુમ પડ્યું હતું અને તે આધારે જ હાલ એજન્સીની ટીમે ધામા નાખ્યા હતા આ કિસ્સામાં હવે કયા પ્રકારના પગલા લેવામાં આવે છે તે જોવાનું રહ્યું પરંતુ ગુજરાત




રાજ્યમાં હાલ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ હાલ સૌથી વધુ એક્ટિવ થઈ ગયું છે કારણ કે ત્રણ દિવસ પૂર્વે જ અમદાવાદ એરપોર્ટ પરથી નશીલો પદાર્થ ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારે હજુ પણ છે ખેત એક્સપોર્ટરો છે તેના પર તપાસનો ધમધમાટ ધપાવવામાં આગળ આવે તેવું પણ હાલ ચિત્ર ઊભું થઈ રહ્યું છે.

બજારની માહિતી પ્રમાણે આયાત-નિકાસ ઉપરાંત લોકલ માર્કેટમાં પણ વેપારી મોટો કારોબાર ધરાવે છે. પોતાની બ્રાન્ડ હેઠળ રીટેઈલ માર્કેટમાં પ્રોડકટનું વેચાણ કરે છે.આ સિવાય એગ્રી પ્રોડકટનાં આયાત-નિકાસ ઉપરાંત રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ નામ ધરાવતા વેપારી પર પણ ડીઆરઆઈ દ્વારા તવાઈ ઉતારવામાં આવી છે.એરંડા, કોટન, તલ સહિતની કોમોડીટીમાં મોટો કારોબાર ધરાવતા હતા. વેપારી પણ આયાત સંબંધી ગોટાળામાં જ ઝપટે ચડયા છે.

હાલ આ કિસ્સામાં એજન્સી દ્વારા પેઢી ધારકોને મુખ્ય ઓફિસ ખાતે હાજર રહેવા પણ જણાવવામાં આવ્યું હોય તેવું જાણવા મળી રહ્યું છે. ત્યારે નવું નાણાકીય વર્ષ પણ શરૂ થઈ ગયું છે અને હવે જીએસટી અને આવકવેરા વિભાગ દ્વારા પણ સરચ ઓપરેશનનો ધમધમાટ આગળ વધારવામાં આવે તેવું અનુમાન પણ લગાવવામાં આવી રહ્યું છે. ડી આર આઈ ની તપાસમાં જો મોટી રોકડ રકમ સામે આવશે તો આવકવેરા વિભાગ પણ તપાસમાં ઝંપલાવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. મહત્વનું એ છે કે હાલ કૃષિ નિકાસકારો પાસેથી રેવન્યુ ઇન્ટેલિજન્સ ને શું મળે છે અને શું પુરવાર થાય છે કારણ કે હાલ વૈશ્વિક બજારમાં જે આયાત નિકાસનો વ્યવસાય કરતા હોય તેઓનો મુખ્ય હેતુ એ જ હોય છે કે તેઓને બંને ડ્યુટી માંથી રાહત મળી રહે અને તે માટે નિકાસકારો દ્વારા અનેકવિધ રીતે કુટનીતિ અપનાવવામાં આવતી હોય છે પરંતુ એજન્સીના અધિકારીઓ ને આ બાબતની જાણ થતાં જ તેઓ તાકીદે પેઢી ધારક સામે પહોંચ્યા હતા અને તમામ જરૂરી કાગડિયાઓનો અભ્યાસ કર્યો હતો.




# વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ | ‘સ્વતંત્ર પ્રેસ’ સામે AI પડકાર કે આશીર્વાદ?

## પત્રકારત્વ ક્ષેત્રે હાલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નો વધી રહ્યો છે વ્યાપ જે ભવિષ્ય માટે જોખમી કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન

રાજકોટ, તા. ૨

સમગ્ર વિશ્વમાં અનેકવિધ દિવસો મનાવવામાં આવતા હોય છે તેમાં તો ઘણા ખરા દિવસ ભવિષ્યને ધ્યાનમાં રાખીને પણ મનાવવામાં આવે છે ત્યારે આજે સ્વતંત્ર પ્રેસ દિવસ છે ત્યારે હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કે જે દરેક ક્ષેત્રમાં પોતાનો પગ પેશાઓ કરી રહ્યું છે તે પત્રકારત્વ માટે આશીર્વાદ છે કે પડકારરૂપ તે સૌથી મોટો પ્રશ્ન

લોકશાહી દેશમાં સ્વતંત્ર પ્રેસ-મીડિયાની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. પ્રેસ એ માહિતીના આદાન પ્રદાનની સાથે લોકોના પ્રશ્નોને વાચા આપે છે, તેમજ લોકમતનું ઘડતર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. પત્રકારો અનેક પડકારોનો સામનો કરીને માહિતીને સમાચાર સ્વરૂપે વિવિધ માધ્યમો થકી લોકો સુધી પહોંચાડે છે. પ્રેસની આ ભૂમિકાને ધ્યાનમાં રાખતા દુનિયામાં ૩ મેના રોજ ‘‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ‘‘ મનાવવામાં આવે છે, જેની આ વર્ષની થીમ છેઃ ‘‘નવી દુનિયાઃ પ્રેસ સ્વાતંત્ર્ય અને મીડિયા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અંઈ)નો પ્રભાવ.‘‘

અંઈ પત્રકારત્વ ક્ષેત્ર-મીડિયા ઈન્ડસ્ટ્રીમાં મોટાપાયે પરિવર્તન લાવી રહ્યું છે. ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ, કન્ટેન્ટ જનરેશન અને ફેક્ટ ચેકીંગ માટે અંઈનો ઉપયોગ વધી રહ્યો છે. અંઈથી કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ રહી છે, બહુભાષી સુલભતા અને ડેટા વિશ્લેષણ સરળ બન્યા છે. જો કે, આ પ્રગતિથી અનેક જોખમો ઊભા થયા છે. કોઈ મલિન ઈરાદા કે સ્વાર્થી હિતો પાર પાડવા આજે અંઈ-જનરેટેડ ખોટી માહિતી, ડીપફેક ટેકનોલોજી, પક્ષપાતભર્યા અભિપ્રાયો-તારણોથી લોકો ગેરમાર્ગે દોરાઈ તેવી શક્યતા છે. ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસે’ આ વર્ષે એ બાબત પર ભાર મુકવામાં આવશે કે, અંઈ પ્રેસ સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે, નબળું નહીં.

વર્ષ ૧૯૯૧માં આફ્રિકાના પત્રકારો દ્વારા પ્રેસની સ્વતંત્રતા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ૩ મેના રોજ ’ડિક્લેરેશન ઓફ વિન્ડહોક’ બહાર પાડવામાં આવ્યું હતું. જેને સ્વતંત્ર પ્રેસના મૂળભૂત સિદ્ધાંતોનું નિવેદન ગણવામાં આવે છે.આ ઘોષણાની બીજી વર્ષગાંઠ નિમિત્તે, વર્ષ ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ૩ મે ‘‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ‘‘ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ત્યારથી, આ દિવસ પ્રેસની સ્વતંત્રતાના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને સરકારોને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવાની તેમની ફરજ યાદ અપાવવા માટે વિશ્વભરમાં મનાવવામાં આવે છે.

‘‘પ્રેસ સ્વતંત્રતા દિવસ‘‘ સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો, માધ્યમોને તેમની સ્વતંત્રતા પરના હુમલાઓથી બચાવવાનો અને ફરજ બજાવતી વખતે પોતાના પ્રાણ ગુમાવનારા પત્રકારોને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે, ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, યુ.એન. સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જારી કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે, પ્રેસ સ્વતંત્રતા લોકોની સ્વતંત્રતા માટે મહત્વપૂર્ણ છે અને તે જવાબદારી, ન્યાય, સમાનતા અને માનવ અધિકારોને આધાર આપતું આવશ્યક જાહેર હિત છે. તેમણે વૈશ્વિક સ્તરે પત્રકારો સામે વધી રહેલા જોખમો જેવા કે હુમલા, અટકાયત અને હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. ખાસ કરીને ગાઝા જેવા યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પત્રકારોના મૃત્યુ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. આ વર્ષની થીમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા ઊભા થયેલા જોખમ તરફ ઈશારો કરે છે. એ.આઈ. પક્ષપાતી અલ્ગોરિધમ્સ, જૂઠાણા અને દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાને ટેકો આપી શકે છે અથવા તો તેને દબાવી પણ શકે છે.

ગુટેરેસે સંદેશમાં ભાર મૂક્યો છે કે, આ જોખમોનો સામનો કરવા માટે સચોટ, હકીકત-આધારિત માહિતી મહત્વની છે. તેમણે ગ્લોબલ ડિજિટલ કોમ્પેક્ટ અને ‘‘માહિતી ઐક્ય માટે વૈશ્વિક સિદ્ધાંતો‘‘ને જરૂરી ગણાવ્યા છે. આ સાથે વધુ માનવીય અને અધિકારોનું સન્માન કરતી માહિતી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના પગલાં તરીકે વિશ્વભરમાં પ્રેસ સ્વતંત્રતાનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં બંધારણની કલમ ૧૯(૧)(અ) હેઠળ દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મળેલું છે. જેમાં પ્રેસની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. આ કલમ હેઠળ દરેક નાગરિક પોતાની માન્યતા મુજબનો મત રજુ કરવાનો અધિકાર ધરાવે છે. તેને પોતાના અથવા અન્યનાં મતનો પ્રચાર કરવો, અખબારોનો ફેલાવો કરવો, ધંધાકીય જાહેરાતો આપવી, ટેલીકાસ્ટ કરવું, માહિતી અધિકાર, છાપવું વગેરેનો અધિકાર છે. જો કે અદાલતનો તિરસ્કાર, દેશની અખંડિતતાને હાનિ થાય, વિદેશ સાથે દેશના મૈત્રી સંબંધો ઉપર અસર થાય, રાષ્ટ્રની સલામતી જોખમાય, ગુનાની ઉશ્કેરણી થાય, જાહેર વ્યવસ્થા કે સલામતી બગડે તેવી બાબતો ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાની સત્તા રાજ્યને આપવામાં આવી છે.



### જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂઃ રૂપિયા મામલે થયેલા ડખ્ખા ત્રણ હત્યાનું કારણ બન્યા

# ત્રણ મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇઃ ભાગીદારી મામલે ભાઇએ ભાઇને પતાવ્યો!

## બીજા બનાવમાં લૂંટના પ્રયાસમાં નિષ્ફળ જતાં ટેન્કરની કેબીનમાં સુતેલા ચાલકને બે લૂંટારૂએ ઢાળી દીધો હતોઃ ત્રીજી ઘટનામાં સાડત્રીસ દિવસ પહેલા ગૂમ થયેલા યુવાનને પૈસાની બબાલમાં રહેંસી નંખાયો હતો

રાજકોટ તા. ૨

હત્યાની બીજી ઘટનાનો ભેદ પણ ખુલ્યોહ તો. અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે ૪૮ પર ટેન્કર ચાલકની હત્યાના કેસમાં ભરૂચ ક્રાઇમ બ્રાન્ચે બે આરોપીઓની ધરપકડ કરી છે. યુપીએલ કંપની નજીક પાર્ક કરેલા ટેન્કરની કેબિનમાંથી બેતાલીસ વર્ષીય હોરીલાલ યાદવનો મૃતદેહ મળ્યો હતો. આ બનાવ હત્યાનો હોવાનું સ્પષ્ટ થતાં તપાસ શરૂ થઇ હતી અને અંતે ભેદ ખુલ્યો હતો. પોલીસે ઉત્તર પ્રદેશના આઝમગઢથી જમની ઉર્ફે સોનું વેંકટેશ વણઝારા અને ભંગારૂ સામબા ભોસલેને પકડ્યા છે. આરોપીઓએ કબૂલ્યું કે તેઓ લૂંટના ઇરાદે ટેન્કરમાં ઘૂસ્યા હતા.

ચાલક સૂતો હતો ત્યારે તેના ખિસ્સામાંથી મોબાઈલ અને રૂપિયા કાઢતા હતા. ચાલક જાગી જતાં ઝપાઝપી થઈ અને આરોપીઓએ છરા વડે હુમલો કરી તેની હત્યા કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપીઓએ પોલીસથી બચવા મોબાઈલ ફોન ગુજરાતમાં રહેતી માતા અને અન્ય વ્યક્તિને આપી દીધો હતો. ત્યારબાદ તેઓ ઉત્તર -દેશ ભાગી ગયા હતા. પોલીસે આ કેસમાં બે અન્ય આરોપીઓ સાથે માતા સહિત કુલ ચાર વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કર્યા છે. ભરૂચ ક્રાઇમ બ્રાન્ચ વધુ તપાસ કરી રહી છે.

હત્યાની ત્રીજી ઘટનાનું રહસ્ય પણ ખુલ્યું છે. વટવામાં રહેતો યુવક તેના ઘરેથી તેના પરિવારને વીસીના પૈસા લઈને આવુ છે તેમ કહીને ગયા બાદ ગુમ થયો હતો. તેના સાડત્રીસ દિવસ બાદ વટવા ચાર માળીયામાં કચરામાંથી યુવકની કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. આરોપીએ યુવકની હત્યા કર્યા બાદ તેની માતાને વીસીના પૈસા તેને આપી દીધાની જાણ કરી હતી. અંતે લાશ મળતાં આ મામલે પોલીસે હત્યારાની ધરપકડ કરી છે. નડીયાદમાં રહેતા હબીબાબાનું રૂસ્તમભાઈ શેખ ગત ૨૪ માર્ચે વટવા ચાર માળીયા ઈન્સાનિયત નગરમાં રહેતા પુત્ર આબીદ ઉર્ફે અસલમના ઘરે રહેવા માટે આવ્યા હતા. સાંજના છ વાગે અસલમે તેની માતાને હું ફિરોજ પાસેથી વીસીના પૈસા લઈને આવુ છે તેમ કહીને ગયો હતો. ત્યારબાદ રાતના સાડા નવ વાગે ફિરોજ તેમના ઘરે આવ્યો હતો અને હબીબાબાનુને કહ્યુ હતુ કે મે વીસીના પૈસા અસલમને આપી દીધા છે.

આ સમયે અસલમનો મિત્ર તેનુ ટુ વ્હીલર લઈને આવ્યો હતો તેને અસલમ વિશે પુછતા તેણે કહ્યુ હતુ કે તે પૈસા લઈને શાહઆલમ ગયો છે. દરમિયાન ફિરોજ ત્યાંથી નીકળી ગયો હતો. આ ઘટના બાદથી અસલમ ઘરે પાછો ફર્યો નહતો જેથી આસપાસના તપાસ કર્યા બાદ અંતે તેની માતાએ વટવા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની અરજી કરી હતી. નોંધાવી હતી. આ અરજીમાં પરિવારે હુસેન શેખ, ફીરોજભાઈ શેખ તથા




આદીલ એમ ત્રણ વ્યક્તિઓના નામ શંકાસ્પદ તરીકે લખાવ્યા હતા. વટવા પોલીસે મંથર ગતિએ તપાસ કરતા પીડિત પરિવારે હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સની અરજી દાખલ કરવી પડી હતી. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી અને ગુમ થયેલા યુવકની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે લગભગ સાડત્રીસ દિવસ બાદ ગુમ થયેલા યુવકની લાશ વટવા ચાર માળીયામાં આવેલા ઈન્સાનિયત નગરના બ્લોકની પાછળ ગટર અને કચરાના ઢગલામાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મળી આવી હતી.

ત્યારબાદ તપાસ હાથ ધરી હત્યાના આ ગુનામાં વટવા પોલીસે આરોપી હુસેન શેખની ધરપકડ કરી છે. આરોપી હુસેન શેખે હત્યા કર્યા બાદ અસલમના ખિસ્સામાંથી રૂ. ૩૦ હજાર કાઢી લીધા હતા. ત્યારબાદ અસલમની માતાને મળીને વીસીના રૂપિયા પોતાને મળી ગયાની જાણ કરી હતી. જો કે અ પછી અસલમ નહીં મળતા તેની માતાએ આવીને અસલમની કોલ ડીટેઈલ કઢાવવાની વાત કરતા પકડાઈ જવાની બીકે હુસેને કચરામાં છુપાવી રાખેલો ફોન લઈ સાબરમતી નદીમાં ફેંકી દીધો હતો. પૈસાની લેતીદેતી આ હત્યામાં કારણભુત હોવાની પ્રાથમિક વિગતો ખુલી હતી.

હત્યાની ત્રીજી ઘટનાનું રહસ્ય પણ ખુલ્યું છે. વટવામાં રહેતો યુવક તેના ઘરેથી તેના પરિવારને વીસીના પૈસા લઈને આવુ છે તેમ કહીને ગયા બાદ ગુમ થયો હતો. તેના સાડત્રીસ દિવસ બાદ વટવા ચાર માળીયામાં કચરામાંથી યુવકની કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. આરોપીએ યુવકની હત્યા કર્યા બાદ તેની માતાને વીસીના પૈસા તેને આપી દીધાની જાણ કરી હતી. અંતે લાશ મળતાં આ મામલે પોલીસે હત્યારાની ધરપકડ કરી છે. નડીયાદમાં રહેતા હબીબાબાનું રૂસ્તમભાઈ શેખ ગત ૨૪ માર્ચે વટવા ચાર માળીયા ઈન્સાનિયત નગરમાં રહેતા પુત્ર આબીદ ઉર્ફે અસલમના ઘરે રહેવા માટે આવ્યા હતા. સાંજના છ વાગે અસલમે તેની માતાને હું ફિરોજ પાસેથી વીસીના પૈસા લઈને આવુ છે તેમ કહીને ગયો હતો. ત્યારબાદ રાતના સાડા નવ વાગે ફિરોજ તેમના ઘરે આવ્યો હતો અને હબીબાબાનુને કહ્યુ હતુ કે મે વીસીના પૈસા અસલમને આપી દીધા છે.

આ સમયે અસલમનો મિત્ર તેનુ ટુ વ્હીલર લઈને આવ્યો હતો તેને અસલમ વિશે પુછતા તેણે કહ્યુ હતુ કે તે પૈસા લઈને શાહઆલમ ગયો છે. દરમિયાન ફિરોજ ત્યાંથી નીકળી ગયો હતો. આ ઘટના બાદથી અસલમ ઘરે પાછો ફર્યો નહતો જેથી આસપાસના તપાસ કર્યા બાદ અંતે તેની માતાએ વટવા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની અરજી કરી હતી. નોંધાવી હતી. આ અરજીમાં પરિવારે હુસેન શેખ, ફીરોજભાઈ શેખ તથા આદીલ એમ ત્રણ વ્યક્તિઓના નામ શંકાસ્પદ તરીકે લખાવ્યા હતા. વટવા પોલીસે મંથર ગતિએ તપાસ કરતા પીડિત પરિવારે હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સની અરજી દાખલ કરવી પડી હતી. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી અને ગુમ થયેલા યુવકની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે લગભગ સાડત્રીસ દિવસ બાદ ગુમ થયેલા યુવકની લાશ વટવા ચાર માળીયામાં આવેલા ઈન્સાનિયત નગરના બ્લોકની પાછળ ગટર અને કચરાના ઢગલામાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મળી આવી હતી.

ત્યારબાદ તપાસ હાથ ધરી હત્યાના આ ગુનામાં વટવા પોલીસે આરોપી હુસેન શેખની ધરપકડ કરી છે. આરોપી હુસેન શેખે હત્યા કર્યા બાદ અસલમના ખિસ્સામાંથી રૂ. ૩૦ હજાર કાઢી લીધા હતા. ત્યારબાદ અસલમની માતાને મળીને વીસીના રૂપિયા પોતાને મળી ગયાની જાણ કરી હતી. જો કે અ પછી અસલમ નહીં મળતા તેની માતાએ આવીને અસલમની કોલ ડીટેઈલ કઢાવવાની વાત કરતા પકડાઈ જવાની બીકે હુસેને કચરામાં છુપાવી રાખેલો ફોન લઈ સાબરમતી નદીમાં ફેંકી દીધો હતો. પૈસાની લેતીદેતી આ હત્યામાં કારણભુત હોવાની પ્રાથમિક વિગતો ખુલી હતી.

# અમ્રિતસરી હાટી સહિત અનેક જગ્યા પર ફૂડ વિભાગના દરોડા

## છ કિલો અખાદ્ય જથ્થાનો નાથ : ૨૧ પેઢીધારકોની કરવામાં આવી તપાસ

રાજકોટ, તા. ૨

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નાનામવા રોડ,શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ મુકામે આવેલ ‘‘L G ફૂડ(અમ્રિતસરી હાટી)‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ દાઝીયું અખાદ્ય તેલનો અંદાજીત ૦૬ કિ.ગ્રા. જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના માડાડુંગર -આજીડેમ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૧ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી જેમાં નવ પેઢીને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી જેમાં

જય ભગીરથ ઘૂઘરા , જય ખોડિયાર પ્રોવિઝન સ્ટોર, શુભમ ડેરી ફાર્મ , જલારામ દાબેલી, યોગી એન્ટરપ્રાઇઝ, રાધે પ્રોવિઝન સ્ટોર, શ્રી ગોકુલ શિખંડ, બાલાજી ખમણ, વેલનાથ ઘૂઘરાને નોટિસ મળી હતી.

જ્યારે સાંઇનાથ પાઉંભાજી, ઓમ શાંતિ પાણીપુરી, જય અંબે મદ્રાસ કાફે, ચોરસિયા સમોસા, સમ્રાટ બેકરી કેક શોપ, સમ્રાટ પીઝા લાઈવ પફ, શ્યામ ડેરી, શ્યામ જનરલ સ્ટોર, રાધેશ્યામ છોલે ભટુરે, માલધારી ડેરી ફાર્મ, ગોકુલ ફરસાણ તથા બજરંગ ફરસાણની ચકાસણી કરવામાં આવી હતી.



### લેવાયેલ નમુનાની યાદી

(૧) પેડી ગોળ (લુઝ): સ્થળ- અન્નપૂર્ણા ટ્રેડર્સ, પરાબજાર મેઇન રોડ, ગોળ પીઠ, રાજકોટ

(૨) ડબ્બાનો ગોળ (લુઝ): સ્થળ- મે. ગિરિરાજ એન્ટરપ્રાઇઝ, પરાબજાર મેઇન રોડ, ગોળ પીઠ, રાજકોટ

(૩) ‘રાસ’ શુધ્ધ દેશી ગોળ (૯૫૦ ગ્રામ પેક્ડ): સ્થળ- ચંદ્રકાંત કૂ., કંદોઇ બજાર, ન્યુ ઘી કાંટા રોડ, રાજકોટ

(૪) ‘રાજભોગ’ શુધ્ધ દેશી ગોળ (૯૫૦ ગ્રામ પેક્ડ): સ્થળ- યશ સુપર માર્કેટ, શ્યામલ સુપર માર્કેટ સામે, મવડી મેઇન રોડ, રાજકોટ

(૫) ગોળ (લુઝ): સ્થળ- શિવ શક્તિ કરિયાણા ભંડાર, શિવ ભૂમિ કોમ્પ્લેક્ષ, ઉદયનગર -૧, મવડી, રાજકોટ

(૬)‘કાવેરી’ શુધ્ધ ગોળ પાવડર (૯૫૦ ગ્રામ પેક્ડ): સ્થળ- પટેલ ગોળ ભંડાર, સહયોગ હોસ્પિટલ પાસે, મવડી રોડ, રાજકોટ

(૭)‘કૃતિકા’ શુધ્ધ ગોળ પાવડર (૯૫૦ ગ્રામ પેક્ડ): સ્થળ- AKAZA INTERNATIONAL P. LTD., વત્સ સુપર માર્કેટ, મવડી મેઇન રોડ, રાજકોટ

(૮) 'ZILLION' NATURAL JAGGERY (૯૫૦ ગ્રામ પેક્ડ): સ્થળ- AKAZA INTERNATIONAL P. LTD., વત્સ સુપર માર્કેટ, મવડી મેઇન રોડ, રાજકોટ

# પરિવાર હાઉસિંગ સોસાયટીના ૧૯ આવાસો રદ

## રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા બનાવવામાં આવેલા આવાસ યોજનામાં દસ્તાવેજ અથવા તો ભાડાકરાર ન કરાવતા લેવાયો નિર્ણય

રાજકોટ, તા. ૨

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એ તમામ જરૂરિયાતમંદ લોકોની સાર સંભાળ રાખવા માટે આવાસ યોજના બનાવવાનો નિર્ધાર કર્યો છે જેને ધ્યાને લઈને હાલ વિવિધ આવાસ યોજનાઓ ઊભી થઈ રહી છે પરંતુ સરકારના આહકારાત્મક અભિગમ ને લોકોએ જે સ્વીકાર કરવો જોઈએ તેના બદલે લોકો ચીટીંગ કરતા નજરે પડે છે હાલ લાભાર્થીઓ દ્વારા જે ભાડા કરાર અથવા તો દસ્તાવેજ કરવામાં આવનાર હોય તે ન થતાં હાલ આવાસ નો લાભ અન્ય કોઈને મળી શકતો નથી ત્યારે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ અંગે કડકાઈ પૂર્વક નિર્ણય લેતા ૧૯ આવાસોને રદ કરી નાખવામાં આવ્યા છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWSII પ્રકારના ટી.પી.૧૭ એફ.પી.૮૦, પરિવાર હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી, ડેકોરા પાછ્ળ, રૂડા નગર ૩ની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટમાં નીચે પ્રમાણેની યાદી મુજબના આવાસો આવાસધારકોને ફાળવેલ છે. તે આવાસોના દસ્તાવેજ/ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોઈ, આ બાબતે લાભાર્થીશ્રીઓને અત્રેની કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે પરંતુ આજદિન સુધી આવાસધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી. આ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસધારકોનાં આવાસો રદ કરવામાં આવે છે. સાથોસાથ તંત્રએ એ વાતની પણ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે જે કોઈ આવાસ ધારકને પ્રશ્ન હોય તો તેઓ નોટિસ મળ્યાના સાત દિવસમાં કચેરીનો સંપર્ક કરી શકે છે અને પોતાના પ્રશ્નનો નિવારણ લાવી શકે છે.

મહાનગરપાલિકાની સાતો સાત શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે બજેટ રજૂ કરવામાં આવ્યું તેમાં પણ એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જરૂરિયાતમંદ લોકો માટે હજુ પણ આવાસ બનાવવામાં આવશે એટલું જ નહીં હાલ જે લોકોને આવાસ લાગ્યા હોય પરંતુ તેઓ કોઈ કારણોસર રહેવા ન આવ્યા હોય તેઓ માટે પણ એક વ્યવસ્થા કરવામાં આવી છે સાથોસાથ ખાલી પડેલા આવાસ યોજના ના આવાસોને પણ ફરી હરાજીમાં મૂકવામાં આવ્યા છે જેથી વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લઈ શકે.

### રદ થયેલા ફ્લેટની યાદી

A - 106, B - 1402, C - 1103, E - 704, A - 605, B - 1403 , C - 1303, E - 705, A-1105, C - 202, D - 505, E - 901, B- 1003, C - 302, E - 503, E - 1001, B- 1204, C - 401, E - 703

### સાયબર ગઠીયાઓ રોજ ઉઠીને રમતી મુકે છે ગામને છેતરવાની નવી તરકીબ

# એપ્લીકેશન ડેવલપર જ આચરતો'તો ફ્રોડઃ ૮૭ લાખની ઠગાઇ

## હવે ઓનલાઇન છેતરપીંડી કરતાં ઠગોએ વાહનની ઇન્સ્યુરન્સ પોલીસી રીન્યુ કરવાની લિંક મોકલી ચૂના લગાવવાનું ચાલુ કર્યુંઃ ચેતતા રહેજો

રાજકોટ તા. ૨

સાયબર ગઠીયાઓ રોજ નવી નવી તરકીબો રમતી મુકીને લોકોના ગજવા ખાલી કરી નાંખે છે. રોજ કોઇને કોઇ ગામ કે શહેરમાં કોઇ ને કોઇ વ્યક્તિ ઓનલાઇન ફ્રોડનો શિકાર બની હજારો, લાખો, કરોડો રૂપિયા ગુમાવી દે છે. દરમિયાન એક ચોંકાવનારો પર્દાફાશ થયો છે જેમાં ખુદ એપ્લીકેશન ડેવલપર તરીકે ઓળખાતો યુવાન સાયબર ગઠીયો હોવાનું સામે આવ્યું છે. તેણે સત્યાસી લાખની ઠગાઇ આચરી હતી. બીજી તરફ હવે ગઠીયાઓ વાહન ઇન્સ્યોરન્સ પોલીસી રીન્યુ કરવા માટેની લિંક મોકલીને ઠગાઇ કરતાં હોવાનું પણ સામે આવ્યું હોઇ લોકોએ સજાગ રહેવું જરૂરી છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં એપ્લિકેશન ડેવલપર તરીકે ઓળખાતો એક યુવાન તમિલનાડુના મદુરાઇ શહેરમાં થયેલા મોટા સાયબર ફ્રોડના કેસમાં ઝડપાયો છે. આ આરોપીએ સોશિયલ મીડિયાના માધ્યમથી તમિલનાડુના ફરિયાદી સાથે કુલ સત્યાસી લાખ ચાર હજારની છેતરપિંડી કરી હતી. પોતે એપ્લિકેશન બનાવી છેતરપિંડી આચરી હતી. ‘સીક્યોર સ્માર્ટ ટ્રેડિંગ’ જેવી ભ્રામક અને ખોટી એપ્લિકેશનનો ઉપયોગ કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. મદુરાઇ સિટીના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી સુરત શહેરમાં રહે છે. આ ગુનામાં આરોપી હકાભાઇ ઉર્ફે હકેશ પ્રેમજીભાઇ શેખ નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન જે વ્યવસાયે એપ્લિકેશન ડેવલોપર છે અને સુરતના ડભોલી ગામના ગાયત્રીનગર સોસાયટી, ગાયત્રી મંદીર પાસે રહે છે, તે મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો હતો.

વધુ માહિતી અનુસાર આ આરોપીએ ફરિયાદીને સૌપ્રથમ ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી સંપર્ક કર્યો હતો અને શેર માર્કેટ ટ્રેડિંગ દ્વારા મોટો નફો મળશે એવી લાલચ આપી હતી. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને ‘સીક્યોર સ્માર્ટ ટ્રેડિંગ’ નામની એપ્લિકેશન ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરાવી અને તેની સાથે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. એપ્લિકેશન ડેવલપર હકેશ શેખે આપેલા ખોટી વાતો અને લાલચમાં આવી ફરિયાદીએ અલગ અલગ બેંકોમાં રકમ ટ્રાન્સફર કરી હતી. આરોપીએ શેર માર્કેટમાં રોકાણના નામે સતત રૂપિયા માંગ્યા હતા અને પુનઃ ખોટા નફા દર્શાવી ફરિયાદી પાસેથી કુલ ૮૭.૪ લાખની રકમ




ટ્રાન્સફર કરાવી લીધી હતી. પરંતુ અંતે કોઈપણ રોકાણ કરાયા વગર આ આખી રકમ પોતના અકાઉન્ટમાં લઇને છેતરપિંડી આચરી હતી. મદુરાઇ સિટી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફરિયાદના આધારે આરોપી સામે કાર્યવાહી ચાલી રહી હતી.

બીજી તરફ સુરત શહેર સાયબર ક્રાઇમ પોલીસને આરોપી વિશે માહિતી મળી, તેમજ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરાતી સુરત શહેર પોલીસની ટીમે તમિલનાડુ પોલીસની સૂચનાથી આરોપીને શોધી કાઢ્યો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હકેશ શેખ જેણે પોતાને એપ્લિકેશન ડેવલોપર તરીકે ઓળખાવતા હતા, તેઓએ આ કૌભાંડમાં ‘સીક્યોર સ્માર્ટ ટ્રેડિંગ’ જેવી ભ્રામક અને ખોટી એપ્લિકેશનનો ઉપયોગ કરી સામાન્ય લોકોને ફસાવ્યા હતા. હવે આરોપીને તમિલનાડુ પોલીસને સોંપવામાં આવતાં આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ સાયબર ગઠીયા નવી તરકીબ લાવ્યા છે. તેઓ હવે ફોન ધારકોને વોટસએપ અથવા મેસેજ દ્વારા વાહન પોલીસી રીન્યુ કરાવવા માટે લીંક મોકલવામાં આવી રહી છે. સાયબર ક્રાઇમ આચરતી ટોળકી લોકોને નિતનવી રીતે પોતાની જાળમાં ફસાવી દે છે. વાહન અકસ્માત વીમા પોલીસી રીન્યુ કરવા માટે લીક મોકલવામાં આવી રહી છે. તેમાં જે વાહન ચાલકનો વીમો પુરો થતો હોય અથવા ન થતો હોય છતાં વાહન વીમા પોલીસ લેતી અલગ અલગ ફાઈનાન્સ કંપનીઓની મેસેજ સાથે બોગસ લીંક મોકલે છે. અને તમારા વાહનનો વીમો આ તારીખે પુરો થાય છે તે રીન્યુ કરવા માટે આપેલ લીક ઉપર કલીક કરી ઓનલાઇન પેમેન્ટ કરી તમારા વાહનનો વીમો રીન્યુ કરી દંડમાંથી બચો લીંક જે તે ફાઇનાન્સ કંપનીને મળતી હુબહુ સીમ્બોલ હોવાથી ઘણા વાહન માલીકો આવી છેતરામણી લીંક ઉપર વીમો રીન્યુ કરાવી લેતા હોય છે.

જો કે વાસ્તવિક વાહન વીમા કંપની દ્વારા રીન્યુ અંગેનો મેસેજ સતત ચાલુ રાખે અને તપાસ કરે ત્યારે હક્કિત જાણવા મળે કે આ તો આપણે સાયબર ગઠીયાના ભોગ બની ગયા છીએ ત્યારે ઘણું મોડુ થઇ ગયું હોય છે. મોબાઇલ ફોનમાં સીકયુરીટી વર્ઝન આઇ.ઓ.એસ.આધારીત પાવરફુલ હશે તો આવી બોગસ એપ ડાઉનલોડ જ નહીં થવા દે આવા ફ્રોડથી બચી શકાય છે. વલભીપુરમા ચાની લારી ચલાવતા ઘુઘાભાઈ મકવાણાના મોબાઈલ ઉપર ફોન આવ્યો કે મે લોમ્બો ઈન્સ્યુરન્સ સે બોલ રહા હું તુમ્હારી હોન્ડા મોટર સાયકલ કા ઈન્સ્યુરન્સ ખત્મ હોને વાલા હૈ આપ અપના એટીએમ કાર્ડ કા સીવીસી નંબર દીજે તુમ્હારી બાઇક કા ઇન્સ્યુરન્સ રીન્યુ હો જાયેંગા આ વાત સાંભળીને ઘુઘાભાઈ થોડીવારમાં વિચારમાં પડી ગયા કે મારે મોટર સાયકલ નથી તો વીમાની વાત કેમ કરી હશે? ત્યારે આ કારસ્તાન ઉઘાડુ પડ્યું હતું.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કોઇ ધર્મ ખરાબ નથી

## ધર્મના નામે ચાલતા કાંડ ખરાબ હોય છે : ઇન્ડોનેશિયાની પાકિસ્તાનને શીખ



ઇસ્લામ આતંકવાદી હુમલા કરવાનું શીખવતો નથી. ધર્મમાં આવી નેગેટીવ પ્રવૃતિઓને કોઇ સ્થાન નથી. આ શબ્દો ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાન્ટોના છે. ઇન્ડોનેશિયા પૂર્વ ઇસ્લામિક રાષ્ટ્ર છે અને આર્થિક, સામાજિક વગેરે ક્ષેત્રોમાં વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવે છે.

ધર્મના નામે પાકિસ્તાન જે પ્રવૃતિઓ ચલાવે છે તે અંગે ઇન્ડોનેશિયાએ આકરા પ્રહારો કર્યા હતા. ઇન્ડોનેશિયાના પ્રમુખે ભારતના રાજદૂત સાથે મુલાકાત કરીને આતંકવાદી હુમલા અંગે દુઃખ વ્યક્ત કરીને ભારતના વલણને ટેકો જાહેર કર્યો હતો.

આતંરરાષ્ટ્રીય એજન્સી દ્વારા પ્રાપ્ત થતા અહેવાલો પ્રમાણે પાકિસ્તાન ઇસ્લામિક રાષ્ટ્રો પાસે સમર્થન માટે આજીજી કરે છે. જો કે, આશ્ચર્ય એ છે કે અફઘાનમાં ફાલેલા તાલીબાન પણ પાકિસ્તાનના વિરોધમાં છે. પાકિસ્તાનની એક રેડિયો ચેનલે સમાચાર રમતા કર્યા કે, ઇસ્લામિક રાષ્ટ્રોનું સંગઠન પાકિસ્તાન સાથે છે.

જો કે, આ દાવા બાદ ઇન્ડોનેશિયાના પ્રમુખનું નિવેદન આવતા પાકિસ્તાનના દાવાની હવા નીકળી ગઇ છે. ઇન્ડોનેશિયાના પ્રમુખે સ્પષ્ટ કહ્યું કે, અમને ઇસ્લામમાંથી સકારાત્મકતા શીખવા મળે છે. જેના માધ્યમથી અમે સુખી છીએ.

પાકિસ્તાનનો જન્મ ધર્મના નામે થયો છે. પરંતુ, ત્યાં ધર્મની નેગેટીવ સમજ જ વિકસી છે. ધાર્મિક ગેરસમજો પ્રત્યે કટ્ટરતા જ વિકસી છે. આ કારણે પાકિસ્તાન તમામ સ્તરે બરબાદીના આરે છે. છતાં ધાર્મિક સમજ કેળવવા તૈયાર નથી.

એક અંદાજ પ્રમાણે હાલ પાકિસ્તાનમાં ૧૫૦થી વધારે ત્રાસવાદી સંગઠનો સક્રિય છે. આ સંગઠનો ભારત ઉપરાંત અનેક દેશોમાં પરેશાની સર્જી રહ્યા છે. ત્રાસવાદી સંગઠનો બેકાબૂ હોવાનું ખુદ પાકિસ્તાન સરકારે તાજેતરમાં સ્વીકાર્યું હતું.

રાજકીય નિષ્ણાંતો કહે છે કે, પાકિસ્તાનમાં સરકારનું કંઇ ઉપજતું નથી. સૈન્ય અને આતંકી સંગઠનોની જ બોલબાલા છે. સૈન્ય ધારે ત્યારે પાકિસ્તાનની સરકારને ઉથલાવી નાખે છે. પાક. સૈન્ય અને આતંકવાદી સંગઠનો વચ્ચે મીલીભગત છે. આ બધા પોતાનું ગતકડું ચલાવવા ધર્મના નામે કટ્ટરતાનો નશો કરે છે અને કરાવે છે.

માહિતી પ્રમાણે પાકિસ્તાની લોકો પણ આવી કટ્ટરતાથી ત્રાહીમામ પોકારી ગયા છે. અનેક વિસ્તારો પાકિસ્તાનથી સ્વતંત્ર થવા સક્રિય બની ગયા છે. પાકિસ્તાન સરકાર અને સૈન્યને ડર છે કે, ભારત આ સ્થિતિનો લાભ લઇને પાકિસ્તાનના ચાર ટુકડાં કરી દેશે.

કોઇપણ ધર્મ હોય, ધાર્મિક ગેરસમજ અને કટ્ટરતા બરબાદીનો માર્ગ જ ગણાય. ભારતમાં પણ ઘણાં પાકિસ્તાનના રવાડે ચઢે છે. આવા લોકોને ઇન્ડોનેશિયન જ્ઞાન ઉપયોગી છે. કોઇ ધર્મ ખરાબ નથી, ધાર્મિક ગેરસમજ-કટ્ટરતા ઝેર છે. જે ખુદને જ બરબાદ કરે છે.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# બમ બમ ભોલેના નાદ સાથે કેદારનાથના કપાટ ખુલ્યા

## મંદિરને ૧૦૮ ક્વિન્ટલ ફૂલો અને માળાથી આવ્યું શણગારવામાં

નવીદિલ્હી, તા. ૨

ભક્તો બાબા કેદારના દરવાજા ખુલવાની ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. મંદિરના દરવાજા ખુલતાની સાથે જ ખીણ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠી. ભક્તિથી ભરેલા મન સાથે, ભગવાન શિવની પૂજા કરવાનું શરૂ કર્યું. સેંકડો ભક્તોએ ભક્તિમાં હૃદય નમી ગયા. શુક્રવારે, વૃષભ લગ્નમાં સવારે ૭ વાગ્યે, કેદારનાથ મંદિરના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પ્રસંગે હજારો ભક્તોએ દરવાજા ખોલવાના પવિત્ર ક્ષણના સાક્ષી બન્યા. મંદિરના દરવાજા ખુલતાની સાથે જ કેદાર ખીણ હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠી. કપાટ ખુલવાના થોડા સમય પહેલા, રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામી પણ કેદારનાથ પહોંચ્યા અને કપાટ ખુલ્યા પછી દર્શન કર્યા.

મંદિરને ૧૦૮ ક્વિન્ટલ ફલો અને માળાથી શણગારવામાં આવ્યું છે. તે જ સમયે, સરકાર, વહીવટ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓની સાથે, સુરક્ષા દળો પણ તૈનાત છે. કપાટ ખુલ્યા પછી, પહેલી પૂજા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામે કરવામાં આવી. તેમણે કહ્યું કે કેદારનાથમાં ૧૫ હજારથી વધુ ભક્તોના રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. દરમિયાન, શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય પ્રસાદ થાપલિયાલે જણાવ્યું હતું કે દરવાજા ખુલ્યા પછી દર્શન માટે ટોકન સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

આ પ્રસંગે મંદિરને ૧૦૮ ક્વિન્ટલ ફલોથી શણગારવામાં આવ્યું હતું. કપાટ ખુલ્યા પછી, મુખ્યમંત્રી ધામીએ તેમની પત્ની ગીતા ધામી સાથે બાબા કેદારનાથના દર્શન કર્યા. દરેક મુસાફરની યાત્રા સરળ અને સુગમ હોવી જોઈએઃ ધામી મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજનો દિવસ ખૂબ જ શુભ અને ખાસ છે. સમગ્ર દેશના સનાતનીઓ આ ધાર્મિક ક્ષણની રાહ જુએ છે. કેદારનાથ ધામ સનાતન ધર્મ અનુયાયીઓની ધાર્મિક શ્રદ્ધા અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. આ આપણા રાજ્ય માટે ઉજવણીનો સમય છે. આ વખતે પણ બાબાના ધામમાં આવનારા યાત્રાળુઓની સંખ્યા ઘણી વધારે હશે. દરેક મુસાફરની મુસાફરીને સરળ અને સુગમ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. કેદારનાથ ધામના પહેલા દિવસથી જ, યાત્રાળુઓને મંદાકિની નદી તરફ બનેલા અસ્થા પથ પરથી લાઇનમાં ઉભા રહીને દર્શન કરવાની તક આપવામાં આવી હતી. લગભગ ૨૦,૦૦૦ ભક્તોને લાઇનમાં ઉભા રાખવામાં આવ્યા હતા અને આસ્થા પથ દ્વારા મંદિરના મુખ્ય દ્વાર પર મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત, બધા ભક્તોને ગર્ભગૃહમાં પ્રવેશવાની તક આપવામાં આવી હતી. પહેલા દિવસે કેદારનાથ ધામમાં ટ્ટોઈક દર્શન માટે કોઈ વ્યવસ્થા નહોતી.

# પાકિસ્તાનના છ સભ્યોના પરિવારના દેશનિકાલ પર રોક લગાવતી સુપ્રીમ

## આ પ્રતિબંધ તેમના ઓળખ દસ્તાવેજોની ચકાસણીનો આદેશ જારી ન થાય ત્યાં સુધી લાદવામાં આવ્યો

નવીદિલ્હી, તા. ૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પાકિસ્તાનના છ સભ્યોના પરિવારના દેશનિકાલ પર રોક લગાવી દીધી હતી, જેમણે કથિત રીતે તેમના વિઝાની મુદત કરતાં વધુ સમય રોકાયા હતા. આ પ્રતિબંધ તેમના ઓળખ દસ્તાવેજોની ચકાસણીનો આદેશ જારી ન થાય ત્યાં સુધી લાદવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા વિઝા સેવાઓ સ્થગિત કરવાના અને લાંબા ગાળાના, સત્તાવાર અથવા રાજદ્વારી વિઝા ધરાવતા લોકો સિવાયના તમામ ''પાકિસ્તાની રહેવાસીઓ'' ને દેશનિકાલ કરવાના આદેશ બાદ આ પગલું લેવામાં આવ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૬ લોકોની હત્યા કરનારા આતંકવાદીઓના ''સીમાપાર સંબંધો''ને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ પગલું ભર્યું હતું. પરિવારના સભ્યો કાશ્મીરના રહેવાસી છે અને તેમનો દીકરો બેંગલુરુમાં કામ કરે છે. આ મુદ્દામાં માનવતાવાદી પાસું સામેલ હોવાનું નોંધીને, ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે પરિવારને દસ્તાવેજ ચકાસણીના આદેશથી



નારાજ હોય તો જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટમાં જવાની સ્વતંત્રતા આપી. સુપ્રીમ કોર્ટ અહમદ તારેક બટ અને તેમના પરિવારના પાંચ સભ્યોની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમણે દાવો કર્યો હતો કે માન્ય ભારતીય દસ્તાવેજો હોવા છતાં, તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને પાકિસ્તાન મોકલવા માટે વાઘા બોર્ડર પર લઈ જવામાં આવ્યા હતા. બેન્ચે જણાવ્યું હતું કે પહેલગામ હુમલા બાદ, કેન્દ્રએ ૨૫ એપ્રિલના રોજ આપેલા તેના જાહેરનામા દ્વારા આદેશમાં ઉલ્લેખિત સિવાયના તમામ પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કર્યા હતા અને તેમના દેશનિકાલ માટે ચોક્કસ સમયમર્યાદા આપી હતી.

ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો, જોકે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી ન હતી. કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે કોર્ટની દેખરેખ હેઠળ અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી અરજદાર સામે કોઈ દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ નહીં. અરજદારે અરજીમાં દાવો કર્યો હતો કે તેમને અને તેમના પાંચ પરિવારના સભ્યો, જેઓ જમ્મુ અને કાશ્મીરમાં રહે છે, તેમને ૨૫ એપ્રિલે શ્રીનગર સ્થિત વિદેશી નોંધણી કાર્યાલય તરફથી નોટિસ મળી હતી. પહેલગામ આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન વિરુદ્ધ કડક પગલું ભરતા, ભારત સરકારે (ટૂંકા ગાળાના) પ્રવાસી અને તબીબી વિઝા ધરાવતા પાકિસ્તાનીઓને દેશ છોડવાનો આદેશ આપ્યો. જોકે, લાંબા ગાળાની પરમિટ ધરાવતા અને પાકિસ્તાની મૂળના હિન્દુઓને ત્યાં રહેવાની મંજૂરી આપવામાં આવી હતી.

# મોદી સરકાર પાસે નથી કોઈ વિઝન કે નથી સમસ્યાના ઉકેલની કોઈ દિશા : જયરામ રમેશ

## વડાપ્રધાન મોદી પર શાબ્દિક પ્રહારો કરતા કહ્યું, જનતાનું ધ્યાન ભટકાવવામાં, વાસ્તવિક મુદ્દાઓથી ભાગવામાં અને પોતાના વિભાજનકારી એજન્ડાને આગળ ધપાવવામાં માહિર છે

નવીદિલ્હી, તા. ૨

કોંગ્રેસે શુક્રવારે કહ્યું કે જાતિ વસ્તી ગણતરી અંગેનો સરકારનો નિર્ણય દરેક સારી યોજના અથવા નીતિનો પહેલા વિરોધ અને બદનામ કરવાની અને પછી જાહેર દબાણ અને વાસ્તવિકતા સામે તે જ નીતિ અપનાવવાની તેની આદતને અનુરૂપ છે. કોંગ્રેસના મહાસચિવ અને સંદેશાવ્યવહારના પ્રભારી જયરામ રમેશે દાવો કર્યો હતો કે મોદી સરકાર પાસે ન તો પોતાનું કોઈ વિઝન છે કે ન તો સમસ્યાઓના ઉકેલ માટે કોઈ દિશા છે, પરંતુ તે ફક્ત જનતાનું ધ્યાન ભટકાવવામાં, વાસ્તવિક મુદ્દાઓથી ભાગવામાં અને પોતાના વિભાજનકારી એજન્ડાને આગળ ધપાવવામાં માહિર છે.

મોદી સરકારે વર્ષોથી દબાવવાનો પ્રયાસ કરતી જાતિગત વસ્તી ગણતરી આખરે વિપક્ષી નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ પાર્ટી અને અસંખ્ય સામાજિક કાર્યકરો અને સંગઠનોની અવિરત લડાઈ સામે હાર માની ગઈ.

સામાજિક ન્યાય માટેની લડાઈમાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ગઈકાલ સુધી પોતાનું



નામ લેવાથી પણ શરમાતી અને મજાક ઉડાવવામાં અને વિલંબ કરવામાં કોઈ કસર છોડતી ન રહેલી મોદી સરકાર આજે જનતાના ભારે દબાણ અને વિપક્ષના સંઘર્ષ સમક્ષ ઝૂકીને જાતિગત વસ્તી ગણતરી કરવા સંમત થઈ ગઈ છે.

યાદ રાખો કે પ્રધાનમંત્રીએ સંસદમાં મનરેગા વિશે શું કહ્યું હતું - 'નિષ્ફળતાનું સ્મારક' - જે યોજનાને દુનિયાએ ગ્રામીણ રોજગાર અને ગરીબી નાબૂદી માટે એક મોડેલ તરીકે વર્ણવી હતી તેની મજાક ઉડાવવામાં આવી હતી, એવું કહેવામાં આવ્યું હતું કે લોકો ખાડા ખોદી રહ્યા છે. પરંતુ જ્યારે કોરોનાવાયરસ જેવું સંકટ આવ્યું, ત્યારે આ જ મનરેગા દેશના ગરીબોની કરોડરજ્જુ બની ગઈ. તે પછી શું થયું? સરકારે પોતાનું બજેટ પણ વધાર્યું અને તેનો શ્રેય લેવાનો પ્રયાસ કર્યો.

જીએસટીની વાર્તા પણ અલગ નથી. જ્યારે કોંગ્રેસે GST લાવવાની પહેલ કરી હતી, ત્યારે ભાજપે તેનો સખત વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તે રાજ્યોના હિતોની વિરુદ્ધ છે.

પરંતુ સત્તામાં આવતાની સાથે જ તેમણે કોઈ મોટા ફેરફારો કર્યા વિના તેનો અમલ કર્યો અને પછી તેને 'ગેમ ચેન્જર' તરીકે પ્રશંસા કરવાનું શરૂ કર્યું. તેમણે એમ પણ કહ્યું કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) ની સિસ્ટમ કોંગ્રેસ દ્વારા જ બનાવવામાં આવી હતી જેથી સબસિડી સીધા લોકોના ખાતામાં પહોંચે. તે સમયે ભાજપે તેને 'આ કામ કરશે નહીં' એમ કહીને નકારી કાઢ્યું હતું. પરંતુ સત્તામાં આવતાની સાથે જ તેમણે આ ડીબીટીને સમગ્ર દેશમાં લાગુ કરી દીધો અને 'ડિજિટલ ઈન્ડિયા'નો ઢોલ વગાડવાનું શરૂ કર્યું.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

### માનસ ગોદાવરી (ભાગ- ૮)

# નિયતિ રુપે કોઈ સમસ્યા આવે એ પહેલાં જ સદગુરુ આવી એનું સમાધાન કરી જાય છે



આઠમા દિવસની માનસ ગોદાવરીની કથામાં પ્રવેશ કરતા બાપુએ કહ્યું કે, રામ તીર્થમ્ રામ કૃતમ્ એટલે કે અહીંનાં તપોવનમાં રામતીર્થ છે, ત્રંબકેશ્રૂરને બ્રહ્મતીર્થ માનવામાં આવે છે, ત્યાં આગળ બ્રહ્મકુંડ પણ છે. એટલે ત્યાં શિવ અને અહીં રામ, તેથી જ આ ક્ષેત્રને હરિહર ક્ષેત્ર પણ કહેવામાં આવે છે. ભગવાન રામે આ ક્ષેત્રનું સર્જન કર્યું, અને એમાં નિત્ય રામ લક્ષ્મણ અને જાનકી સ્નાન કરતાં હતાં. ગોદાવરીનાં પ્રવાહની પરંપરા જડતા નહીં પણ જીવંતતા આપનાર છે, ગોદાવરીના તાત્વિક દર્શનમાં ગોદાવરી ધર્મની પ્રવાહી સરલ તરલ ધારા છે. સભ્યતા અને સંસ્કૃતિ પ્રવાહ જેવી હોવી જોઈએ, જે કટ્ટર અને જડ થઈ જાય એ સંસ્કૃતિ નબળી પડે. હાલ એવી અનેક ધર્મ પરંપરાઓ વધતી જાય છે, જે પોતાની જડતા અને કટ્ટરતા છોડી શકતા નથી, અને ઉપરથી આપણી સભ્યતા વૈશ્વિક ધારા છે, એટલે એને પાડી દેવાની કોશિશ કરે છે. તુલસીદાસજી રામચરિત માનસમાં કલી પ્રભાવનું વર્ણન કરતાં કહ્યું છે

કલીમન ગ્રસે ધર્મ સબ લુભ ગયે સદગ્રંથ,
દભિન્હ નિજ મતિ કલિ કરી પ્રગટ કિયે બહુપંથ.

ઘણાએ મનમાની કરી આ રીતે ઘણાં પંથ ઉભા કરી દીધા છે. તુલસીદાસજી ઉદાર છે એટલે પંથ શબ્દનો પ્રયોગ કર્યો છે, બાકી આમાં ન તો ધર્મ છે, કે ના કોઈ સંપ્રદાય કહેવા જેવું તથ્ય છે. બિલકુલ બીજાના ખેતરમાં પાડેલી કેડીઓ, જેમ ધર્મને નામે મનમાની કરી ફાટાઓ પાડી દીધા છે! અને પોતાનો ધર્મ! પોતાનો ધર્મ! કરી જડ અને કટ્ટર બની સમાજને અશાંત કરે છે.

ઘરની દીવાલો નબળી હોવા છતાં તે ઘર છે, જ્યારે જેલની દીવાલો મજબૂત હોવા છતાં એ જેલ છે! એટલો ફર્ક આપણા પોતિકા ધર્મનો છે. એટલે ધર્મ એવો હોવો જોઈએ, કે જે આપણને સ્વતંત્રતા આપે!: અને ગોદાવરી આવી પ્રવાહમાન પરંપરા છે.

સદગુરુ વેદ વચન વિશ્વાસા, સંજમ યહન વિષય કે આસા.

કથા દ્વારા સુમતિની ભૂખ જાગે છે, અને જડ પરંપરાઓ પ્રવાહી થઈ જાય છે, ત્યારે સમજવું કે તાવ ઉતરી ગયો છે અને કથા રુપી ઔષધિ કામ કરી રહી છે.

સુમતિ છુધા બાઢઈ નિત નંઈ, વિષય આસ દુર્બલતા ગઈ.

સુમતિની વૃદ્ધિ થતા જ ખોટા રસોની એટલે કે ઈચ્છાઓની દુર્બળતા ઓછી થવા લાગે છે. વિમલ વૈરાગ્ય અને પવિત્ર જ્ઞાન રૂપી જળમાં સ્નાન કરવાની નિત ઈચ્છા થાય, ત્યારે સાચું સ્વાસ્થ્ય મળ્યું કહેવાય.

તો આ પ્રવાહમય ચેતનાને શાસ્ત્રો દ્વારા સત્સંગ દ્વારા કે પોતાની સાધના દ્વારા કોઈ ટચ કરે તો એમાંથી આપણો પ્રવાહ તૈલધારા વત અખંડ રીતે વહે છે. યોગી તેને સહસ્ત્ર ધારા કહે છે.

જબ દ્રવે દિન દયાલુ રાઘવ સાધુ સંગતિ પાઈયે,
જેહી દરસ પરસ સમાગમાદિક પાપ રાશિ નસાઈએ.

કોઈ બુદ્ધ પુરુષ મળે તો સમજવું કે ઠાકુરે આપણી પર કૃપા કરી, તેઓ દ્રવ્ય ભૂત થઈ ચૂક્યાં, જેમના દર્શનથી જેમના સ્પર્શથી કે જેમનાં દર્શનથી પાપ રાશીનો નાશ થાય, અને એને કારણે આપણી અંદરની ગોદાવરી પ્રવાહમાન થાય, અને એ ચેતના ઘૂમતી ઘૂમતી આપણા કેન્દ્રને સક્રિય કરતી રહે. પ્રભુને પ્રાર્થના કરવી કે આવી કોઈ ચેતના આપણને ટચ કરે. પરંતુ હૃદય પારદર્શિત ત્યારે જ થાય, જ્યારે ઓલરેડી આપણામાં કંઈક હોય.

ઓશો કહે છે કે સંપૂર્ણ ખાલી થઈ જાઓ અને ભગવાન બુદ્ધ પણ કહે છે કે શૂન્ય બાદ, પરંતુ આપણી સનાતની પરંપરામાં આપણામાં કંઈક હોવું જોઈએ. શિવધારા રામધારા કૃષ્ણધારા આ બધી જ ધારા એવું શીખવે છે કે, ભક્તિને નામે આપણી અંદર એવું કંઈક હોવું જોઈએ કે જે ઈશ્વરને પણ આપણી તરફ કરે.

રવીન્દ્રનાથ ટાગોર ભીખારીની વાત યાદ કરતાં કહ્યું કે, એક ભિખારી પોતાની જોળીમાં એક મુઠ્ઠી ચોખા નાખી ભીખ માંગવા નીકળે છે. હજી તો બહાર પહોંચ્યો નથી, ત્યાં રાજાની સવારી નીકળે છે, અને સૌથી પહેલો એને ભિખારી દેખાયો માટે નીચે ઉતરી તેને પ્રણામ કરે છે, અને કહે છે કે એ ભિક્ષુક તારી પાસે જે કંઈ હોય એમાંથી મને થોડુંક આપ! કારણ કે રાજ્ય દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. મને સાધુ એ કહ્યું છે કે તમે કોઈ પાસે ભીખ માંગશો તો જ વરસાદ થશે. ભિખારીની વૃત્તિ તો માંગવાની હોય, આપવાની થોડી હોય, એટલે એને સંકીર્ણતાથી એક દાણો રાજાને આપ્યો અને રાજાનું કામ થઈ ગયું વરસાદ વરસાદ!; પણ ભિખારીને સારું લાગતું નહોતું, કારણ કે તેને આપવું પડ્યું હતું. એટલે તેણે પોતાની જોળી ઠલવી તો એમાંથી એક દાણો સોનાનો નીકળ્યો. વાર્તા તો આટલી જ છે. પરંતુ જે આપીએ છીએ એ જ સોનાનું છે, સંગ્રહ કરીએ છીએ તો અંતે ધૂળધાણી થઈ જવાનું છે. આપણી પાસે એક મુઠ્ઠી શ્રદ્ધા હોવી જોઈએ એક ચપટી વિશ્વાસ હોવો જોઈએ અને ભાગવત ગીતામાં લખ્યું છે આપણી પાસે કંઈક હશે તો ત્રાયતે મહતો ભયાત! એ સૂત્ર મુજબ આપણે ઘણી બધી સમસ્યાઓથી બચી જઈશું. સ્વલ્પ ધર્મનું આચરણ કર્યું હશે, તો એ પણ આપણને તારી દેશે. કોઈ પરમ ચેતના જ્યારે આપણને સ્પર્શે છે, ત્યારે આપણું હૃદય વિશેષ પવિત્ર થાય છે, આપણને વિશેષ પ્રફુલ્લિતતાનો અનુભવ થાય છે, અંદરને અંદર કંઈક શુભ પડ્યું હોય એવી અનુભૂતિ થાય છે. આમ સદગુરુના એક મુઠ્ઠી ચોખા જ આપણી ઝોળીને અનહદ અઢળક ભરી દે છે! માનસ એક એવી રસીનું કામ કરે છે, જે આપણી ભીતરી ખુબસુરતીને બરકરાર રાખે છે. જમાનો ખરાબ છે માટે ધ્યાન રાખજો, કોઈ આપણી ભીતરી સંપદાને બદસુરત કરી ન દે! ક્યારેક કોઈ એવી ઘટનાનો શિકાર થઈ જઈએ, તો સમજવું કે પરમાત્મા આપણને એડવાન્સમાં રસી પીવડાવી રહ્યો છે.

અશોક વાટિકામાં જાનકીજી પાસે રાવણ આવે છે, અને એ પહેલા જ હનુમાન જાનકીજી મળી લે છે, એટલે કે ભગવાન કોઈ સમસ્યા આપે એ પહેલા જ બુદ્ધ પુરુષ કે સદગુરુ આવી એનું સમાધાન આપી જાય છે. રાવણ વિશ્વની સૌથી મોટી સમસ્યા હતી, પરંતુ ત્યાં આગળ હનુમાન બેઠા હતાં, એટલે સમસ્યા કંઈ કરી શકી નહીં.

ભગવાન રામ અને લક્ષ્મણ ઋષિમુનિઓ સાથે મિથિલામાં આવે છે અને વિશ્વામિત્રને કહે છે હે ગુરુદેવ લક્ષ્મણ નગર દર્શનની ઈચ્છા વ્યક્ત કરે છે તો હું તેને નગર બતાવી આવું? આમ તે મિથિલાના નગર દર્શન માટે નીકળે છે,બંને ભાઈઓ પુષ્પવાટિકામાં આવે છે અને રાણી સુનયના પણ જાનકીને મા ભવાનીની પૂજા કરવા માટે મોકલે છે. જાનકી સ્નાન કરીને મા ગૌરીની પૂજા કરે છે અને યોગ્ય વર માંગે છે.

માનસમાં કેટલીક વાતો પરોક્ષ ને કેટલીક વાતો અપરોક્ષ રીતે રજૂ થઈ છે. પહેલી ચકિત દ્રષ્ટિ, બીજી ચિંતિત દ્રષ્ટિ, ત્રીજી સૌમ્ય દ્રષ્ટિ, ચોથી લોભની દ્રષ્ટિ, પાંચમી દૃષ્ટિ અંતરમુખ થઈ જવું, જાનકી મંત્રમુગ્ધ થઈને રામમાં ડૂબી જાય છે. તુલસીદાસજી આ પાંચ દ્રષ્ટિને પોતાની ચોપાઈમાં કંડારી લે છે.

ચિતવત ચકીત ચહું દિસી સીતા,
કહ ગયે નૃપ કીશોર મનુ ચિંતા.
જબ બિલોક મૃગ સાવક નૈની.
જનુ તહં વરસી કમલ સિત શ્રેની,
દેખી રૂપ લોચન લલચાને!
હરષે જનુ નીજ નિધિ પહિચાને.
લોચન મગ રામ હી ઉર આની.

આમ કહી જાનકીજી રામની છબીને પોતાના હૃદયમાં અંકિત કરે છે, રામ સીતાનો સ્વયંવર રચાય છે. રાજા જનક દશરથને તેડું મોકલે છે, અયોધ્યાથી રામની જાન આવે છે, પછી બંનેના વિવાહ થાય છે, બાકીના ભાઈઓના પણ વિવાદ થાય છે, અને આમ ચાર ચાર કુંવરનો લગ્ન પ્રસંગ પતાવી રાજા દશરથ અયોધ્યા પાછા આવે છે વિશ્વામિત્ર તેમની રજા લે છે અને ત્યારે રાજા દશરથ કહે છે.

નાથ સકલ સંપદા તુમ્હારી, મેં સેવકુ સમેત સુત નારી.

હે મહર્ષિ આપને જ્યારે પણ સાધનામાંથી સમય મળે ત્યારે અમને દર્શન આપતા રહેજો અને આમ કહી બાલકાંડની સમાપ્તિ કરી આજની કથાને વિરામ આપ્યો.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### પૈસા માટે કોઈપણ હદે જતાં લોકો ગુનાખોરી આચરતાં પણ અચકાતા નથીઃ એક લાલબત્તી સમાન ઘટના

# નવ લાખ માટે લવરમુછીયાઓએ સગીર મિત્રનું કર્યુ અપહરણ

### રાજયની બહાર લઈ ગયાઃ પોલીસે પગેરૂ દબાવ્યું અને ઓગણીસથી બાવીસ વર્ષના ત્રણેય આરોપીને દબોચ્યાઃ સગીરે કટકે કટકે આ ત્રણેય પાસેથી નાણા લઈ શેર બજારમાં કર્યુ હતું રોકાણ

રાજકોટ તા. ૨

ગુનખોરીની દુનિયામાં માત્ર પુખ્ત વયના હોય એવા જ સામેલ હોઇ શકે એવી માન્યતા હવે દુર થઇ ગઇ છે. આમ તો વર્ષોની સગીર વયના હોય એવા ટાબરીયા પણ ગુનાખોરી આચરી રહ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયમાં આ પ્રકારના બનાવો વધી ગયા છે જેમાં સગીરો પણ ગંભીર ગુનામાં સામેલ થવા માંડયા છે. ઈન્ટરનેટ, વેબ શો, ફિલ્મોની અસર કે પછી કંઇપણ હોય ગુનાખોરીમાં હવે ટાબરીયાઓ પણ પાછળ નથી રહેતાં. આવી અનેક ઘટનાઓ સામે આવી ચુકી છે. લવરમુછીયાઓએ આવી એક ગંભીર ગુનાખોરી આચરી છે. રૂપિયા માટેના ડખ્ખામાં મારામારી, હત્યા સહિતની ઘટનાઓ બનતી રહે છે. ત્યાં વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં ત્રણ મિત્રોએ મળી એક સગીર મિત્રનું નવ લાખની લેતીદેતીમાં અપહરણ કર્યુ હતું અને છેક રાજ્યની બહાર લઇ ગયા હતાં. જો કે પોલીસે પગેરૂ દબાવી અપહૃત સગીરને મુક્ત કરાવ્યો હતો અને આરોપીઓને ઝડપી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સત્તર વર્ષના સગીરનું તેના જ મિત્રોએ અપહરણ કરી દીધું હતું. સગીરે મિત્રો પાસેથી ૯.૪૦ લાખ રૂપિયા લઈને થોડીવારમાં પાછા આપી દેશે તેમ કહ્યું હતું. પરંતુ સગીરે દોઢ કલાકમાં પૈસા પરત ન આપતા ત્રણ મિત્રોએ સગીરનુ અપહરણ કરીને ગાડીમાં બેસાડી રાજસ્થાન લઈ ગયા હતા.ગુજરાત યુનિવર્સિટી પોલીસે આરોપીઓની ધરપકડ કરીને સગીરને મુક્ત કરાવ્યો હતો. સત્તર વર્ષના સગીરને જિમમાં જયકિશન ચૌધરી, મેહુલ ભરવાડ અને પૃથ્વી વાઘેલા નામના ત્રણ લોકો સાથે મિત્રતા હતી. આ સગીરે ત્રણેય પાસેથી ૯.૪૦ લાખ રૂપિયા શેરબજારમાં રોકાણ કરવાનું કહીને દોઢ કલાક માટે ઉછીના લીધા હતા. પૈસા લીધા બાદ સગીરે તે પૈસા તેના મામાને આપીને હર્ષ નામ વ્યક્તિને આંગડિયા દ્વારા મોકલાવ્યા હતા. સગીર તેના ત્રણેય મિત્રો પાસે ગુજરાત યુનિવર્સિટી પાસે ઉભો હતો. સગીરે મિત્રોને પૈસા પરત ન આપતા તેના મિત્રો તેને ગાડીમાં બેસાડી અપહરણ કરીને લઈ ગયા હતા.

દરમિયાન સગીરના મામાએ પરત આવીને



બીજા બનાવમાં હીરાના વેપારી સાથે વિશ્વાસઘાત કરી પોણા ત્રણ લાખની ઠગાઇ

જોયું ત્યારે સગીર હાજર ન્હોતો અને ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો. જેથી પરિવારને જાણ કરી હતી.પરિવારે ગુજરાત યુનિવર્સિટીમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે સગીરના મિત્રો અને સંબંધીઓની પૂછપરછ હાથ ધરી હતી. આ દરમિયાન સગીરનું અપહરણ થઈ હોવાની જાણ થઈ હતી.પોલીસે આરોપીને ઝડપી પાડ્યા હતા. સગીરને મુક્ત કરાવીને પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી.પોલીસે જયકિશન ચૌધરી, મેહુલ ભરવાડ અને પૃથ્વી વાઘેલા નામના આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ ઓગણીસથી બાવીસ વર્ષની ઉમરના છે. આરોપીઓએ આપેલા પૈસા સગીરે પરત ન આપતા અપહરણ કર્યું હોવાનું કબૂલ્યું હતું. આરોપીઓ સગીરનું અપહરણ કરીને રાજસ્થાન લઈ ગયા હતા ત્યારબાદ અહીંયા પરત લાવ્યા ત્યારે પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ લવરમુછીયાઓ કે જેણે હજુ યુવાનીના ઉંબરે પગ મુક્યો છે તેણે અપહરણ જેવો ગંભીર ગુનો આચરી લીધો હતો.

બીજી એક ઘટનામાં હીરાના વેપારી સાથે ઠગાઇ થઇ હતી. સુરતના મહિધરપુરાના હીરાના વેપારી પાસેથી ઉધારમાં રૂ.૨.૮૩ લાખના હીરા ખરીદી ૯ વર્ષથી પૈસા નહીં આપનાર પંજાબના ઠગ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ છે.અડાજણ શ્રીપાલ રેસીડેન્સીમાં રહેતા અમિત ધીરજલાલ શાહ મહિધરપુરા બજારમાં હીરાનો ધંધો કરે છે. તેમની મુલાકાત પંજાબના ભટીન્ડામાં રહેતા અમન હેરીભાઇ સાથે થઇ હતી. તેણે પોતે પંજાબમાં હીરાનો ધંધો કરતો હોવાનું કહી ઉધારમાં હીરા ખરીદી તેનું સમયસર પેમેન્ટ આપી વિશ્વાસ કેળવ્યા બાદ તેણે ફોન પર સંપર્ક કરીને રૂ.૨,૮૩,૮૪૦ની કિંમતના હીરા મંગાવ્યા હતા. અમિતભાઇએ આ હીરા આંગડીયા મારફતે પંજાબ ભટીન્ડામાં મોકલી આપ્યા હતા. જોકે, નિયત સમયમાં અમને નાણા નહીં આપતા અમિતભાઇએ ઉઘરાણી શરૂ કરતા ખોટો વાયદા કર્યા બાદ ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આ અંગે અમિતભાઇએ ફરિયાદ નોંધાવતા મહિધરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ‘ધન કી બાત’ અને નાટક ‘ભરોસો’ને મળ્યો જબરો પ્રતિસાદ

### સર્વ ઈચ્છા પૂર્ણ કરનાર બ્રહ્માસ્ત્ર એટલે મ્યુચ્યુઅલ ફંડ તેમ મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું : નાટકથી લોકોને પીરસાયું મ્યુચ્યુઅલ ફંડ અંગેનું જ્ઞાન







રાજકોટ, તા. ૨

માર્કેટમાં આવતા ઉતાર ચડાવથી આજે સૌ કોઈ ડરે છે. લોકો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પાસે રોકાણ ને લગતા પ્રશ્નોના સમાધાન શોધવા જાય છે પણ સફળતા મળતી નથી. વોલેટિલિટી, રોકાણકારો માટે સૌથી મોટું અવરોધ બની ગયું છે. આવા અવરોધોને દૂર કરવા છેલ્લા ૨૫ વર્ષથી મ્યુચ્યુઅલ ફંડની દુનિયામાં રોકાણકારોને સમૃદ્ધ કરતી રાજકોટની વિશ્વસનીય સંસ્થા અરિહંત ઈન્વેસ્ટમેન્ટ તત્પર છે. ત્યારે તાજેતરમાં રાજકોટના હેમુ ગઢવી મેઇન ઓડિટોરિયમ ખાતે લોકોને મ્યુચ્યુઅલ ફંડ અંગે તલસ્પર્શી માહિતી આપવા માટે મેહુલભાઈ રવાણી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા મ્યુચ્યુઅલ ફંડના ક્ષેત્રે અભિનવ પહેલ હાથ ધરવામાં આવી. જ્યાં મ્યુચ્યુઅલ ફંડ વિષયક સેમિનાર ‘ધન કી બાત’ અને નાટક ‘ભરોસો’નું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું હતું. જેને રાજકોટીયન્સ તરફથી અકલ્પનિય પ્રતિસાદ સાંપડ્યો હતો.

આ કાર્યક્રમમાં એક હજારથી વધુ નાગરિકોએ મ્યુચ્યુઅલ ફંડને લગતા તમામ પ્રશ્નોનું સચોટ નિરાકરણ મેળવ્યું હતું. જ્યાં મુલાકાત લેનાર તમામને એક વિશેષ ભેટ અને ‘‘પરિવારનો આધાર‘‘ ખુ છ્યભજ્ઞમિ ઇજ્ઞજ્ઞસ ફ્રીમાં આપવામાં આપવામાં આવી હતી. જેમાં લોકો પોતાના નાણાંકીય વ્યવહારોની તથા બધા જ રોકાણોની સંપૂર્ણ વિગત લખી શકે છે. કાર્યક્રમના પ્રારંભે રાજકોટ-સૌરાષ્ટ્રના જાણીતા બિઝનેસમેન,વક્તા, લેખક, ફંડ ડિસ્ટ્રીબ્યુટર, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, સિંગર, યુવા જૈન અગ્રણી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણીએ જણાવ્યું હતું કે,પૈસા... ફક્ત કાગળના ટુકડા નહીં, પણ આપણા સપનાઓને સાકાર કરવાની ચાવી છે. ધન કમાવવું સરળ છે, પણ તેને સાચવવું અને વધારવું એ સાચી કળા છે. નાણાંકીય આયોજનથી માણસ સંપત્તિનું સર્જન કરી શકે છે અને નાણાંકીય સ્વતંત્રતા મેળવી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે,આર્થિક સ્વતંત્રતા એ છે કે તમે પૈસા માટે કામ ન કરો, પૈસા તમારા માટે કામ કરે! સાચા નાણાંકીય નિર્ણયોથી આપણે એ તબક્કે પહોંચી શકીએ જ્યાં પૈસાની ચિંતા વગર, જીવનનાં શોખ અને સપનાઓ પૂરા કરી શકીએ અને તેના માટે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવુ અતિ આવશ્યક છે.સંપત્તિ એક દિવસમાં બને નહીં, પણ સતત નાણાંકીય શિસ્ત અને રોકાણથી તે શક્ય બને છે.

જયારે કાર્યક્રમમાં લેખક, માર્ગદર્શક અને ઉદ્યોગસાહસિક, સ્માર્ટ એક્યુમેન કન્સલ્ટિંગ ફર્મના સ્થાપક અને રોકાણ ક્ષેત્રે ૧૭ વર્ષથી કાર્યરત વક્તા ધનંજય બંઠીયાએ નાનકડી પ્રેરણાત્મક કથા રજૂ કરી હતી અને જણાવ્યું હતું કે,ધન, નાણાં, પૈસાઆ માત્ર શબ્દો નથી, પણ આપણા જીવનની પ્રગતિના પાયો છે. આપણી નાણાંકીય સ્વતંત્રતા તે આપણી મનોદશા અને ખર્ચવાની પદ્ધતિ પર આધાર રાખે છે. જો પૈસા માટે વ્યક્તિ દોડતી રહે, તો એ કદી શાંત જીવન જીવી શકે નહીં. પણ જો પૈસા તેની માટે દોડે, તો જીવન આનંદમય બની જાય.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે મ્યુચ્યુઅલ ફંડ માટેની દૃષ્ટિ પોઝિટિવ અને મજબૂત હોવી જરૂરી છે. શું તમને લાગતું નથી કે આગામી સમયમાં તમારો ખર્ચ વધશે? જો એવું હોય તો, તેની પાછળના કારણોને સમજવા મહત્વપૂર્ણ છે. મોંઘવારી, આરોગ્ય ખર્ચ, પરિવારની જવાબદારી અને તમારી જીવનશૈલીઆ ખર્ચ માટે ધન જોશે, પૈસા જોશે અને આ કિસ્સામાં મ્યુચ્યુઅલ ફંડ એક શક્તિશાળી સાધન બની શકે છે.સેમિનાર પૂર્ણ થયા બાદ નાટક ‘‘ભરોસો‘‘ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જેમાં નાના રોકાણનો મોટો ચમત્કાર દર્શાવવમાં આવ્યો હતો. તો સાથે સાથે ભરોસામાં રોકાણ અને રોકાણ પર ભરોસોના સૂત્રને ચરિતાર્થ કરાયું હતું. આ નાટક દરેક રોકાણકારને તેમને તેમના નાણાંકીય ભવિષ્યમાં સચોટ અને શ્રેષ્ઠ નિર્ણય લેવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ અને નાટક ‘ભરોસો’ની રચનાથી લઈને રજૂઆત સુધીના દરેક પાસાં માટે મેહુલભાઈ રવાણી છેલ્લા ત્રણ મહિનાથી સતત તૈયારીમાં લાગ્યા હતા. તેઓએ આ કાર્યક્રમને માત્ર એક માહિતીપ્રદ ઈવેન્ટ તરીકે નહિ, પણ લોકોને નાણાકીય સાક્ષરતા તરફ સચોટ દિશામાં આગળ ધપાવવાનો પ્રયાસ કર્યો છે.

# મનરેગા સાઇટની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી

### માળખાગત સુવિધાઓની સાથોસાથ પ્રાથમિક સુવિધાઓની કરી ચકાસણી : ૩૪૯૬ શ્રમિકોને મળી રોજગારી



રાજકોટ, તા. ૨

સરકારે મનરેગા યોજના જે દિવસથી શરૂ કરી તેનાથી શ્રમિક પરિવારોને ઘણો ફાયદો પહોંચ્યો છે કારણ કે તેઓને આ યોજના હેઠળ રોજગારી મળતી રહે છે અને તેમની આર્થિક સ્થિતિ પણ સુધરે છે ત્યારે હવે આગામી દિવસોમાં પણ સરકારના લક્ષ્યાંકને ધ્યાને લઈને વધુ ને વધુ મનરેગા સાઇટ ઉભી કરવામાં આવે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. હાલ ગઢકા ગામે ચાલતી મનરેગા સાઇટની મુલાકાત રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા લેવામાં આવી હતી એટલું જ નહીં શ્રમિકોને આપવામાં આવતી સુવિધાઓ અને પ્રાથમિક સુવિધાઓ ગ્રામજનોને મળે છે કે કેમ તે અંગે પણ ચર્ચા વિચારણા કરાઈ હતી.

‘‘મનરેગા’ યોજના અનેક શ્રમિકો માટે આશીર્વાદરૂપ બની છે. ગ્રામ્ય શ્રમિકોને રોજગારી મળે અને ગ્રામ્ય અર્થતંત્ર ધબકતું રહે, તે માટે સરકાર દ્વારા ‘‘મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર યોજના - મનરેગા‘‘ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તળાવ, ચોકડી વગેરેના કામો હાલ ચાલુ છે. જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ દ્વારા જિલ્લામાં થતાં કામની સમયાંતરે સ્થળ મુલાકાત લઈ શ્રમિકો માટે તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ તાલુકાના ગઢકા ગામે ગઈકાલે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ‘‘મનરેગા‘‘ યોજના અંતર્ગત ખોડિયાર ડેમ પાસે આવેલ તળાવ કામની સાઈટની રૂબરૂ મુલાકાત લીધી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ અન્ય પ્રાથમિક સુવિધાઓ અંગે ચકાસણી કરી શ્રમિકોને છાશનું વિતરણ કર્યું હતું તેમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી રાજકોટના નિયામક એ.કે.વસ્તાણીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હાલમાં જિલ્લામાં ‘‘મનરેગા‘‘ યોજના હેઠળ વ્યક્તિગત અને સામૂહિક મળી કુલ ૩૫૦ કામ ચાલી રહ્યા છે તેમજ ૧૫૯ ગ્રામ પંચાયતમાં કામ પ્રગતિ હેઠળ છે ,જેમાં કુલ ૩૪૯૬ શ્રમિકો કામ કરી રહ્યા છે. જેમની માટે આરોગ્ય તપાસણી કેમ્પ, છાંયા માટે મંડપ, ઠંડું પાણી, ઓ. આર.એસ તેમજ છાશ વિગેરે વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

### વિશ્વાસ કેળવી પછી દગાખોરી કરવાના વધી રહેલા કિસ્સાઓમાં વધુ એકનો ઉમેરો

# કાપડના વેપારીઓને ગઠીયાઓ દીધો ૬૯ લાખનો ડામ

### ફ્રોડના બીજા બનાવમાં યુવતિના યુપીઆઇ આઇડીનો ઉપયોગ કરી બારોબાર ઉપાડી લેવાયા નાણા

રાજકોટ તા. ૨

વિશ્વાસઘાત, છેતરપીંડી, ઠગાઇના કિસ્સાઓ એક ઢુંઢો હજાર મીલ જાયેંગેની જેમ રોજ આવી એફઆઇઆર અલગ અલગ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાતી રહે છે. જેને બીજા લોકોને ચૂના લગાવી પોતાના ખિસ્સા ગરમ કરવા હોય છે તે ગમે તેમ કરીને ગઠીયાગીરી કરી રોકડી કરી લેતાં હોય છે. વધુ એક ઠગાઇના કિસ્સામાં કાપડના વેપારીઓને છેતરી લેવાયા છે. ઓગણસિત્તેર લાખનો માલ વિશ્વાસે લઇ ગયા બાદ આ રકમ નહિ ચુકવી ધૂંબો મારી દેવામાં આવ્યો હતો.

વિગતો જોઇએ તો અમદાવાદના કાપડ બજારમાં વેપારીઓ ઉધારમાં માલ ખરીદીને માલ વેચનાર વેપારીને ચુનો લગાવતા હોય છે. આવી જ રીતે ઉધારમાં માલ લઇને મુકેશ ગોયેલ નામના વેપારીને રૂપિયા ઓગણસિત્તેર લાખ બાંસઠ હજારનો ચૂનો લગાવનાર કલારીધાન ટ્રેન્સ અને મનિષ ગારમેના ત્રણ ડિરેક્ટરો સામે ક્રાઇમ બ્રાંચે ફરિયાદ નોંધી વધુ તપાસ આદરી છે. બોપલમાં રહેતા અને રાયપુર ખાતે આર એમ ટ્રેડીં ગ તથા રાધા ક્રિએશન નામની કંપની ધરાવતા મુકેશ ગોયેલે ફરીયાદ નોંધાવી છે કે, તેઓ બે વર્ષથી દલાલીનું કામ કરતા પ્રદિપ પારેખ મારફતે કલારીધાન ટ્રેન્સ અને મનિષ ગારમેના ડાયરેકટરો આતિત્ય નિરંજન અગ્રવાલ, નિંરજન દ્વારકા-સાદ અગ્રવાલ અને સુનિતાદેવી અગ્રવાલના સંપર્કમાં આવ્યા હતા. અગ્રવાલ પરિવારે મનિષ ગોયેલ સાથે સંપર્ક વધારી ધંધો શરૂ કર્યો હતો. પહેલા તેમણે નેવુ દિવસમાં કાપડ બજારમાં પેમેન્ટ કરવાનું હોય છે, તે મુજબ પેમેન્ટ કરવાની વાત કરી હતી. આ ધારાધોરણ મુજબ તેમણે કલારીધાન ટ્રેન્સના નામે ૨.૩૧ કરોડ રૂપિયાનો માલ ખરીદ્યો હતો.

આ ખરીદી કરી તેની સામે ૨.૦૧ કરોડનું




પેમેન્ટ કર્યું હતું. જ્યારે બાકીના ૨૯.૫૨ લાખની ચુકવણી કરી નહોતી. આ ઉપરાંત બીજી વખત ૨.૬૯ લાખનો માલ પણ ઉધાર લીધો હતો. જેનો એક રૂપિયો પણ ચુકવ્યો નહોતો. આમ ગોયેલને રૂપિયા ૩૨.૨૨ લાખ રૂપિયાની ઉઘરાણી બાકી હતી. ફરિયાદ મુજબ મનિષ ગારમે માટે પણ તેમણે ગોયેલ પાસેતી ૧.૨૭ કરોડ રૂપિયાનું ગ્રે મટિરીયલ ખરીદ્યું હતું. જેના ૯૦ લાખ રૂપિયા જ આપ્યા હતા. બાકીના ૩૭ .૩૯ લાખ રૂપિયા ચુકવ્યા નહોતા. કલારીધાન અને મનિષ ગારમે ફાર્મના નામે આદિત્ય તથા નિરંજન અગ્રવાલ અને સુનિતાદેવી અગ્રવાલે કુલ ૬૯.૬૨ લાખ રૂપિયા નહિ ચુકવી મનિષ ગોયેલને ચુનો લગાવ્યો હતો. જે અંગેની તેમની ફરિયાદને આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

છેતરપીંડીના વધુ એક બનાવમાં શાહીબાગમાં રહેતી એક યુવતીના યુપીઆઈડીનો દુરપયોગ કરીને સાયબર ગઠિયાએ તેના બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ મળીને કુલ નવ્વાણુ હજારની છેતરપિંડી આચરી હતી. આ અંગે યુવતીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા યુપીઆઈડી ધારક સામે છેતરપિંડીની ફરિયાદ દાખલ થઇ છે. શાહીબાગમાં રહેતા જૈનીબેન અમનભાઈ મહેતા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના પિતાએ તેમને ફોન કરીને જાણ કરી હતી કે તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૪૫૦૦ હજાર ડેબીટ થયાનો મેસેજ તેમને આવ્યો છે, શુ તેમણે આ ટ્રાનજેકશન કર્યુ છે? જૈનીબેને કોઈ ટ્રાન્જેકશન કર્યુ નહોઈ તેણે તુંરત પોતાની યુપીઆઈડી એપ્લીકેશન ચેક કરતા તેમના બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ મળી કુલ રૂ. ૯૯૫૦૦ અજાણ્યા યુપીઆઈડી નંબર ધારકે ઓનલાઈને છેતરપીંડી કર્યાની જાણ થતા આ મામલે પ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર પર ફોન કરીને અરજી કરી હતી. જે અનુસંધાને આ મામલે હવે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા યુપીઆઈડી ધારક સામે ફરિયાદ નોંધાવી હતી.

### સુરેન્દ્રનગરમાં ખળભળાટ મચાવતી મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇઃ હત્યારા-લૂંટારાને ઝડપી લેવાયો

# રિસામણે ગયેલી પત્નિને રાજી કરવા વૃધ્ધાને પતાવી કરી લૂંટ!

### માવતરે જતી રહેલી પત્નિને સોનાના ઘરેણા આપશે એટલે એ પાછી આવશે એમ માની સતિષે ખોફનાક પ્લાન ઘડ્યોઃ સાળાના દાદી રાતે ઘરમાં એકલા જ હોવાનું જાણી રેકી કરી રૂમમાં ઘુસ્યોઃ દાગીના કાઢતી વખતે વૃધ્ધા જાગી જતાં ઝપાઝપી થઇઃ પછી છાતી પર બેસી જઇ મોઢુ દાબી મોતને ઘાટ ઉતારી દીધા હતાં

રાજકોટ તા. ૨

ચોરી, લૂંટના ઈરાદે હુમલો-હત્યા સહિતની ઘટનાઓ રાજ્યભરમાં બનતી રહે છે. આવી જ વધુ એક ચોંકાવનારી ઘટનાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. સુરેન્દ્રનગર પંથકના દસાડા તાલુકાના વડગામ ગામે બોંતેર વર્ષના વૃધ્ધા કે જે એકલા રહેતાં હતાં તેમની ભેદી હત્યા થઇ હતી. પોલીસે તપાસકરતાં લૂંટના ઈરાદે હત્યા થયાનું જણાયું હતું. કેમ કે વૃધ્ધાના કાનમાંથી સોનાના બુટીયા અને હાથમાંથી સોનાની બંગડીઓ ગાયબ હતી. આ મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી હતી. વૃધ્ધાની બાજુમાં જ તેના પુત્ર-પુત્રવધૂ રહેતાં હતાં. પુત્રવધૂ ચા નાસ્તો આપવા સાસુ પાસે પહોંચી ત્યારે સાસુનો લોહીનીતરતો મૃતદેહ જોતાં દેકારો મચી ગયો હતો. પોલીસે ભેદ ઉકેલી હત્યારા-લૂંટારાને દબોચી લીધો છે. આ હત્યા અને લૂંટની ઘટનાને વૃધ્ધાના પૌત્રના સાળાએ કરી હોવાનું ખુલતાં સૌ ચોંકી ગયા હતા. પોતાની ઘરવાળી રિસામણે હોઇ તેને દાગીના લૂંટીને, ચોરીને આપશે એટલે એ રાજી થઇ પાછી આવી જશે. એવા ઈરાદા સાથે તેણે આ ઘટનાને અંજામ આપ્યો હતો!

ઘટના પર નજર કરીએ તો દસાડાના વડગામમાં બોંતેર વર્ષીય શાંતાબેન શંકરભાઈ ડોડીયા ઘરમાં એકલા જ રહેતા હતા. જયારે તેમના સંતાનો પરીવાર સાથે ઘરથી બે ઘર મુકી દુર રહે છે. ચાર દિવસ પહેલા રાત્રીના સમયે શાંતાબેન નિત્યક્રમ મુજબ ઘરના દરવાજા બંધ કરીને સુતા હતા. જયારે બીજા બીજા દિવસે સવારે તેમના પુત્રવધુ શાંતાબેનને ચા દેવા માટે ગયા હતા. પુત્રવધુએ ઘરે જઈને જોયુ તો સાસુ પગથી માથા સુધી ચાદર ઓઢીને સુતા હતા. અને ચાદર ઉંચી કરીને સાસુને જગાડવાનો પ્રયાસ કરતા ચાદર ઉંચી કરતા શાંતાબેનની લાશ મળી આવી હતી. અને શરીર પર કાનમાં બન્ને તરફ સોનાના બુટીયા તથા હાથમાં સોનાની બંગડીઓ હતી નહી. આથી પુત્રવધુએ પરીવારજનોને જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા. આ અંગે પોલીસને જાણ થતા એસપી ડો. ગીરીશકુમાર પંડયા સહિતની ટીમ દોડી ગઈ હતી. આ બનાવમાં મૃતકના પુત્રએ દસાડા પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે લૂંટ વીથ મર્ડરની ફરિયાદ નોંધાવી હતી.

ચાર મહિના પહેલા બનેલી આ રહસ્યમય મર્ડર-લુંટની ઘટનાનો ભેદ અંતે ડીવાયએસપી જે.ડી.પુરોહીતની ટીમ અને એલસીબી ટીમે ઉકેલી નાંખ્યો છે. પોલીસે બોરસદ તાલુકાના કીં



ખલોડ ગામેથી ચોવીસ વર્ષીય સતીશ રમેશભાઈ રાજપરમારને દબોચી લીધો છે. તેની પાસેથી હત્યા સમયે તેણે પહેરેલા કપડા, લૂંટ કરેલી સોનાની બંગડી, કાનમાં પહેરવાના વારીયા સહિત પોણા ત્રણ લાખની મત્તા કબજે કરાઈ છે. વડગામ ગામે રાત્રે આરોપી સતીશ વૃદ્ધા જે રૂમમાં રહેતા ત્યાં ચોરીના ઈરાદે ગયો હતો. જેમાં બારણુ ખોલી વૃદ્ધાએ પહેરેલ સોનાની બંગડીઓની ચોરી કરવા જતા વૃદ્ધા જાગી ગયા હતા અને પ્રતીકાર કર્યો હતો. જેમાં વૃદ્ધાએ આરોપીને નખોરીયા પણ ભર્યા હતા. ત્યારે વૃદ્ધા કોઈને કહી દેશે તેવી બીકે આરોપીએ વૃદ્ધાની છાતી પર બેસી જઈ એક હાથથી મોં દબાવી, બીજા હાથથી ગળુ દબાવી વૃદ્ધાની હત્યા કરી હતી. આરોપી સતીષ રાજપરમાર અવારનવાર વાર તહેવારે વર્ષમાં બે ચાર વાર બહેનના સાસરે આવતો હતો અનેચાર પાંચ દિવસ રોકાતો હતો. બનાવ સમયે પણ પત્નિ રીસામણે હોઈ તે વડગામ આવ્યો હતો.

હત્યાના બનાવ પછી પોલીસે તેની પણ પુછપરછ કરી હતી. પણ ત્યારે તે શંકાના દાયરામાં આવ્યો નહોતો. આ ઉપરાંત મૃતકના બારમા સુધી પણ તે વડગામ ગામ ખાતે જ રોકાયો હતો.હત્યાના બનાવ બાદથી મૃતકના પરિવારજનોને સતીશ રાજપરમાર ઉપર શંકા હતી. પરંતુ વેવાઈ પક્ષના વ્યક્તિનું નામ દેવાથી સંબંધ બગડે તેમ પરિવારજનો માનતા હતા. આ અંગે પરિવારજનોએ બાદમાં પોલીસને વાત કરતા પોલીસે આરોપીની કડક પુછપરછ કરતા તેણે પોપટની જેમ એક બાદ એક વાતની કબુલાત કરી હતી. આથી આ કેસનો ભેદ ઉકેલવામાં પરિવારજનોની શંકા પોલીસ માટે અગત્યનું પરીબળ બની હતી. આરોપી સતીષ રાજપરમારના એકાદ વર્ષ પહેલા જ લગ્ન થયા છે. પરંતુ આર્થીક પરિસ્થિતિ નબળી હોઈ પત્ની સાથે અવારનવાર ઝઘડા થતા હતા. જેમાં બનાવના અઠવાડીયા પહેલા જ પત્ની રીસામણે ગઈ હતી.

સતિષ પાસે કોઇ કામધંધો પણ ન હોઇ અને પૈસા ખુટી ગયા હોઇ બનેવીના દાદીમા પર તેની નજર પડી હતી. તેણી તેના રૂમમાં એકલા જ રહેતા હોવાની અને તેઓ સોનાના દાગીના પહેરતા હોવાની રેકી તેણે કરી લીધી હતી. પછી કાવત્રુ ઘડી પ્લાનને અંજામ આપ્યો હતો. દાગીના કાઢતી વખતે વૃધ્ધા જાગી જતાં ઝપાઝપી થતાં પોતે પકડાઇ જશે તેવી બીકે તેમની ઉપર બેસી જઇ મુંગો દઇ હત્યા કરી નાંખી હતી. સતિષને એમ પણ હતું કે પોતે આ વૃધ્ધાના દાગીના ચોરી પોતાની પત્નિને આપશે એટલે પત્નિ રિસામણેથી પાછી આવી જશે. આથી તેણે લૂંટ-મર્ડરની ઘટનાને અંજામ આપ્યો હતો. આ બનાવે ચકચાર જગાવી દીધી છે. રહસ્ય સર્જનારી આ લૂંટ વીથ મર્ડરની ઘટનાનો ભેદ એલસીબી પીઆઈ જે. જે. જાડેજા, પી.એન. ઝાલા, કુલદીપભાઈ, કીશનભાઈ, મેહુલભાઈ, સંજયભાઈ સહિતની ટીમ દ્વારા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ઉકેલાયો હતો.

## આઠ વર્ષની દિકરી પરિક્ષા આપવા ન જતાં પત્નિ સાથે ચડભડ થઇઃ પિતાએ ઝેર પી જીવ દીધો

### બીજા બનાવમાં યુવાન ખેડૂતે ટ્રેન હેઠળ કપાઇ જઇ દુનિયા છોડી

રાજકોટઃ આપઘાતની એક ચોંકાવનારી ઘટના દ્વારકા તાલુકાના વાંચ્છુ ગામની સીમ વિસ્તારમાં બની હતી. અહિ રહેતા માંડણભા આલાભા માણેક નામના પચાસ વર્ષના પ્રૌઢે ઝેર પી દુનિયા છોડી દીધી હતી. દ્વારકા પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર આપઘાત કરી લેનારા માંડણભા માણેકભાએ પોતાની આઠ વર્ષની પુત્રીને પરિક્ષાનું પેપર દેવા જવાનું કહ્યું હતું. પરંતુ કોઇપણ કારણોસર દિકરી પેપર દેવા જતી નહોતી. આ કારણે માંડણભાને પોતાના પત્નિ સાથે બોલાચાલી થઈ હતી. આ ચડભડને કારણે તેમને માઠુ લાગી જતાં ઘરમાં રહેલી જંતુનાશક દવા પી લીધી હતી. આથી પહેલા ખંભાળિયાની ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. અહિ તેમણે દમ તોડી દેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

આપઘાતના બીજા બનાવમાં જામજોધપુર તાલુકાના સીદસર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા કિશન ગોવિંદભાઈ માકડીયા નામના ચાલીસ વર્ષના ખેડૂત યુવાને સડોદર ગામ નજીક પસાર થતી રેલ્વે લાઈન પર ટ્રેન ની આડે પડતું મુકી દેતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ ભરતભાઈ ગોવિંદભાઈ માકડીયાએ પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસે બનાવના સ્થળે પહોંચી જઈ, મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

## જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨મીના

### ૧૦ તારીખ સુધીમાં પ્રશ્ન અને સમસ્યા મોકલી આપવા અપીલ

રાજકોટ, તા. ૨

રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાનાં પ્રશ્નોના જિલ્લામાં જ નિરાકરણ મળી રહે તે માટે ‘‘ફરિયાદ નિવારણ દિવસ નું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ ૨૨નાં રોજ યોજાનાર છે.

આ કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો ૧૦ તારીખ સુધીમાં સંબંધિત ખાતાવિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવા સંબંધિત લોકોને જણાવવામાં આવે છે.

જિલ્લા સ્વાગત માટેની અરજીમાં મથાળે ‘‘જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘‘ લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ મોકલવા તથા અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ / પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવાની રહેશે.

અગાઉ રજુ કરેલ પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું.પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું અને ફોન નંબર લખવાનો રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે.

અરજી સ્પષ્ટ અને મુદ્દાસર સમજી શકાય તેવા આધારો સાથે મોકલવાની રહેશે, અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકાશે નહીં.

પ્રશ્ન અરજદારનો પોતાનો હોવો જોઈએ, બીજાનો પ્રશ્ન ધ્યાને લેવાશે નહીં. કોર્ટ મેટર, ચાલતા દાવાઓ, આક્ષેપો, અંગત રાગ-દ્વેષને લગતા પ્રશ્નો ધ્યાને લેવાશે નહીં.

તાલુકા કક્ષાના પ્રશ્ન માટે સબંધિત મામલતદારને અરજી કરવાની રહેશે.

તા.૧૦-૦૫-૨૦૨૫ બાદ આવેલ પ્રશ્નો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ ખાસ નોંધ લેવી.

જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા. ૨૨-૦૫-૨૦૨૫ના રોજ સવારના ૧૧૦૦ કલાકે કચેરીના ત્રીજા માળે સભાખંડમાં કલેકટર તથા સંબંધિત ખાતાના અધિકારીઓ મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ.,એસ.ટી., પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો સાંભળશે. અન્ય ખાતાના પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદ્દત હરોળ રજુ કરવા અંગે ખાસ નોંધ લેવા જણાવવામાં આવ્યું હતું.

અરજદારો દ્વારા જે પ્રશ્ન અથવા તો સમસ્યા આવેલ કે અસંદિગ્ધ અને અસ્પષ્ટ રજુઆતવાળી હશે, નામ સરનામાં વગરની કે વ્યકિતગત આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં.

## નીટ પરીક્ષા માટે કંટ્રોલરૂમ સતત કાર્યરત

### ઉમેદવારોને ૧:૩૦ પહેલાં પ્રવેશ મેળવવા અને ગેરરીતિથી દૂર રહેવા અપીલ

રાજકોટ તા. ૨

નેશનલ એક્ઝામિનેશન એજન્સી દ્વારા કાલે બપોરે ૦૨:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા દરમિયાન રાજકોટ શહેરના કુલ-૧૩ કેન્દ્રો ખાતે નીટ(યુજી)-૨૦૨૫ પરીક્ષા યોજાશે. આ પરીક્ષા અન્વયે સમગ્ર દિવસ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, રાજકોટ ખાતે નં.૦૨૮૧-૨૨૨૩૪૫૩ ઉપર કંટ્રોલરૂમ સતત કાર્યરત રહેશે.પરીક્ષાર્થીઓ માટે પેપર શરૂ થવાના ૩૦ મિનીટ પહેલાં પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ બંધ કરવામાં આવશે. ઉમેદવારોએ પોતાની સાથે એડમીટ કાર્ડ અને ફોટો આઈડેન્ટીટી કાર્ડ સાથે રાખવાનું રહેશે.

ઉમેદવાર એડમીટ કાર્ડમાં છપાયેલ સુચના અનુસારની પ્રતિબંધિત વસ્તુઓ સાથે પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરી શકશે નહીં.જાહેર પરીક્ષાઓના, સંચાલનમાં પારદર્શિતા અને નિષ્પક્ષતાને પ્રોત્સાહન આપવા તથા છેતરપીંડી, પ્રશ્નપત્ર લીક જેવી બાબતોને અટકાવવા માટે ""The Public Examinations (Prevention of Unfair Means) Act, 2024"" અમલી કરાયેલ છે.

નીટ(યુજી)-૨૦૨૫ પરીક્ષા સંદર્ભે કોઇ અસામાજિક તત્વો તરફથી પરીક્ષામાં ઉત્તીર્ણ કરાવી આપવા, પ્રશ્નપત્ર લીક કરવા વગેરે ખોટી, લોભામણી જાહેરાતો આપી પરીક્ષાર્થીઓને ઠગવાના પ્રયાસો કરવામાં આવે તો, આવા અસામાજિક તત્વોથી પરીક્ષાર્થીઓ અને તેના વાલીઓને દૂર રહેવા અને આવા ખોટા પ્રલોભનોથી બચવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.The Public Examinations (Prevention of Unfair Means) Act, 2024 અંતર્ગત પરીક્ષાઓમાં અયોગ્ય રીતો ઉપયોગ કે કોઈ છેતરપિંડી કરનારાઓ માટે કડક સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે તેમ નિવાસી અધિક કલેકટર એ. કે. ગૌતમની યાદીમાં જણાવાયું છે.

### અવસાન નોંધ

**રાજકોટ : કાનાબાર કિશોરભાઇ વલ્લભજીભાઈ (ઉ.વ.૭૫), તે રમેશભાઈ, સ્વ.હીરાબેન, અનિલાબેન અરવિંદકુમાર પોપટના મોટાભાઇ તથા ચંદનબેન પરેશકુમારચોલેરાના પિતાશ્રી, સ્વ. સૂર્યાબેન પતિ, તુષારભાઈ, અમિતભાઈ, ભાવિનભાઈનાભાઈજી તથા સ્વ. જેઠાલાલ હેમરાજભાઈ ઉનડકટના જમાઈ અક્ષર નિવાસી થયા છે.પ્રાર્થના સભા અને પિયર પક્ષની સાદડી, તા. ૩ ને શનિવાર, સાંજે ૫ થી ૬.૩૦,વાંકાનેર સોસાયટી કોમ્યુનિટી હોલ, વાંકાનેર સોસાયટી મેઇન રોડ, કોપરસિટી સામે,જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.**

### ડ્રાઈવીંગ કામ માટે રાજસ્થાનથી વાંકાનેર આવેલા ચોત્રીસ વર્ષના યુવાનનું રસ્તો ઓળંગતી વખતે મોત

# નોકરી શરૂ કરે એ પહેલા ‘કાર’ યુવાન માટે ‘કાળ’

### અપમૃત્યુના અન્ય બનાવોમાં મેટોડામાં બિમારીથી ત્રસ્ત મહિલાએ ઝેરી પાવડર પી દુનિયા છોડીઃ દેવગામમાં વૃદ્ધ વાડીએ બેભાન થઇ જતાં જીવ ગયોઃ મોટા મવામાં નવા બાંધકામની સાઇટ પડી જતાં મજૂર મહિલાની જિંદગી પુરી

રાજકોટ તા. ૨

જિંદગી તો બેવફા હૈ...આ વાત અનેક કિસ્સાઓમાં ખરી સાબીત થતી હોય છે. પણ જ્યારે જ્યારે આ વાત સાબિત થાય છે ત્યારે કોઇને કોઇ પરિવાર પર વજઘાત થાય છે. વધુ એક આવી કરૂણ ઘટના ઘટી ગઇ છે. માણસનું મોત નિશ્ચીત હોય છે પણ એ ક્યાંથી કેવા સ્વરૂપે ક્યારે અને કયા સ્થળે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. કંઇક આવુ જ એક યુવાન સાથે થયું છે. રાજસ્થાનથી તે રાજકોટ જીલ્લાના વાંકાનેરમાં નોકરી શોધવા આવ્યો હતો. ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતા આ યુવાનના કમનસિબ તો જુઓ, નોકરી શોધવા આવ્યાના પહેલા જ દિવસે તેને કારરૂપી કાળ ભેગી ગયો હતો અને તેના પ્રાણ નીકળી ગયા હતાં. અપમૃત્યુના અન્ય બનાવોમાં એક મહિલાએ બિમારીથી કંટાળી મોત મેળવી લીધું હતું. એક મજૂર મહિલાનું નવા બની રહેલા બિલ્ડીંગના ચૌદમા માળેથી પટકાતાં મોત થયું હતું. એક વૃધ્ધ પોતાની વાડીએ જ ઢળી પડ્યા બાદ શ્વાસ થંભી ગયા હતાં.

અત્યંત કરૂણ એવી પ્રથમ ઘટના પર નજર કરીએ તો વાંકાનેરના ચંદ્રપુરના માર્કેટ યાર્ડ નજીક





રસ્તો ઓળંગી રહેલા રાજસ્થાનના યુવાનનું કારની ઠોકરે ચડી જતાં મોત થયું છે. ગઇકાલે જ તે નોકરીની શોધ માટે વાંકાનેર આવ્યો હતો. રાતે હોટલમાં જીમને બહાર નીકળી રોડની સામેની તરફ જતો હતો ત્યાં પુરપાટ ઝડપે આવેલી કારની ઠોકરે ચડી ગયો હતો અને સારવારમાં દમ તોડી દીધો હતો. રાજસ્થાન રહેતો ચોત્રીસ વર્ષનો યુવાન સિકંદર અબ્બાસભાઇ ખાન વાંકાનેરના ચંદ્રપુર માર્કેટ યાર્ડ નજીક વતન હોટલ સામે રસ્તો ઓળંગતો હતો ત્યારે કારની અડફેટે આવી જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેને વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજ્યું હતું. આ બનાવ બારામાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ભગીરથસિંહ, ધર્મેન્દ્રભાઇએ વાંકાનેર સીટી પોલીસને જાણ કરતાં પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સિકંદર ખાન ટ્રક ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. હાલમાં તેના વતનમાં કામ ન હોઇ પરિચીત મારફત તે ગઇકાલે જ નોકરી-કામની શોધમાં વાંકાનેર આવ્યો હતો. અહિ રાતે હોટલમાંથી જમીને બહાર આવ્યા બાદ રસ્તો પસાર કરતી વખતે કાર તેના માટે કાળ બનીને આવી હતી અને તેનું મોત થઇ ગયું હતું.

આપઘાતની એક ઘટનામાં રાજકોટ જીલ્લાના મેટોડામાં એક મહિલાએ ઝેરી પાવડર પી જિંદગીથી છેડો ફાડી લીધો હતો. મેટોડા જીઆઇડીસી ગેઇટ-૩માં આવેલી આસ્થા સોસાયટીમાં રહેતાં બાવન વર્ષના હર્ષાબેન હસમુખભાઇ રામોલીયા નામના મહિલાએ ઘરે ઝેરી પાવડર પી લેતાં મોત થયું હતું. મેટોડા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ડાયાબીટીઝની બિમારીથી કંટાળીને તેમણે આ પગલુ ભરી લીધુ હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોટા મવા ગરબી ચોકમાં રહેતાં ઓગણસાંઇઠ વર્ષના હીરાભાઇ માંડણભાઇ મેઘાણી લોધીકાના દેવગામ ખાતે આવેલી પોતાની વાડીએ બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હાર્ટએટેક આવી ગયો કે બીજા કોઇ કારણે મૃત્યુ થયું? તેની તપાસ મેટોડા પોલીસ સ્ટેશનના એએસઆઇ સુધાબેન ચલાવી રહ્યા છે.

જ્યારે અપમૃત્યુના ચોથા બનાવમાં કાલાવડ રોડ મોટા મવા સ્મશાન પાસે નવા બની રહેલા બિલ્ડીંગની સાઇટ પર મજૂરી કરતી વખતે મજૂર મહિલા ચૌદમા માળેથી પડી જતાં કમકમાટીભર્યુ મોત થયું હતું.મોટા મવા સ્મશાન નજીક હાર્મની હિલ્સ નામની બાંધકામની સાઇટ ચાલુ હોઇ ત્યાં મજૂરી કરતી અને બાજુમાં લેબર કોલોનીમાં રહેતી છવ્વીસ વર્ષની રત્નીબેન અરવિંદભાઇ વસુનીયા નામની મહિલા ચૌદમા માળે પતિ સાથે મજૂરી કામ કરતી હતી ત્યારે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થઇ હતી અને બેભાન થઇ ગઇ હતી. ૧૦૮ને બોલાવાતાં તેના તબિબે તેણીને મૃત જાહેર કરતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તાલુકા પોલીસને ઘટનાની જાણ થતાં એએસઆઇ દિનેશભાઇ જોશી સહિતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. રત્નીબેનને ત્રણ સંતાન છે જે માતા વિહોણા થઇ ગયા છે. મુળ મધ્યપ્રદેશની આ મહિલા પતિ, સંતાનો સાથે અહિ રહી મજૂરી કરતી હતી. ઘટનાથી મજૂર પરિવારમાં અને સાઇટ પર ગમગીની વ્યાપી ગઇ હતી.

### જુદા જુદા કારણોસર મોત મેળવી લેવાની કરૂણ ઘટનાઓ અટકતી જ નથીઃ માસુમ દિકરી નોધારી

# પત્નિ ગણેશ ચોથ કરીને માવતરેથી આવી ત્યાં પતિ મળ્યો લટકતો!

### હૃદય રોગના હુમલા આવી જવાને કારણે વધુ બે લોકોની જિંદગીનો અંત આવ્યોઃ એક યુવાન સુતા બાદ જાગ્યો જ નહિઃ જેલની બેરેકમાં કેદીએ દમ તોડી દીધો

રાજકોટ તા. ૨

આત્મહત્યાની સતત બની રહેલી ઘટનાઓમાં વધુ એક બનાવ ઉમેરાયો છે. પત્નિ માવતરે ગણેશ ચોથ કરવા ગઇ હોઇ તે ત્યાંથી પરત ઘરે આવી ત્યારે પતિ લટકતી હાલતમાં મળતાં કલ્પાંત સર્જાયો હતો. જો કે આ કિસ્સામાં યુવાને આત્મહત્યા શા માટે કરી તેનું કોઇ કારણ પરિવારજનો પાસે ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના આજીડેમ ચોકડીથી આગળ આવેલા માંડા ડુંગર પાસે ભીમરાવનગરમાં રહેતાં ત્રીસ વર્ષના મહેશભાઇ વાઘજીભાઇ ધોળકીયા નામના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર મહેશભાઇ કડીયા કામની મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. તેને સંતાનમાં આઠ વર્ષની દિકરી છે. પત્નિ કાજલબેન ગણેશ ચોથ નિમીતે માવતરે ગયા હતાં. આજે પરત આવ્યા ત્યારે ઘરનો દરવાજો અંદરથી બંધ હોઇ ખખડાવવા છતાં પતિએ ન ખોલતાં આસપાસના લોકોને બોલાવ્યા હતાં. એક પડોશીએ દિવાલ કુદી અંદર જઇ દરવાજો ખોલતાં મહેશભાઇ લટકતો મળતાં કલ્પાંત સર્જાયો હતો. ૧૦૮ના તબિબે મૃત જાહેર કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર મહેશભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. તેણે શા



માટે આ દુનિયા છોડી દીધી તે અંગે સ્વજનો સગા જાણતાં ન હોઇ અંતિમવિધી બાદ પોલીસ નિવેદન લેશે.

અન્ય બનાવોમાં હૃદય રોગના હુમલા વધુ બે લોકો માટે ઘાતક નીવડ્યા હતાં. રેલનગર વિભાગ-૨માં રહેતાં ઓગણસાંઇઠ વર્ષના નંદકિશોરભાઇ રતિલાલ ભટ્ટ વૃધ્ધ સવારે ઘરે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. તે ચાર બહેન અને પાંચ ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. રેલ્વેમાં રિઝર્વેશન વિભાગમાં નોકરી કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બીજા બનાવમાં જંગલેશ્વર મેઇન રોડ વેલનાથ ચોક-૧૧ની સામે રહેતાં સતાવન વર્ષના શીવાભાઇ નાનજીભાઇ પરમાર ઘરે બેભાન થઇ જતાં મોત થયું હતું. તે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં અને અપરિણીત હતાં. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું.

જ્યારે મૃત્યુની ત્રીજી ઘટનામાં માધાપર કોળીવાસમાં રહેતાં ગગજીભાઇ ધનજીભાઇ માલકીયા નામના ચાલીસ વર્ષના યુવાન ઘરે રાતે સુઇ ગયા બાદ સવારે ન જાગતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ મોત થયું હતું. તે બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં અને કુંવારા હતા. નશો કરવાની આદત હોવાનું સગાએ જણાવ્યું હતુ. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આ બનાવની જાણ જે તે પોલીસ સ્ટેશનોમાં કરી હતી.



# શકમંદ મૌલાના સકંજામાંઃ પાકિસ્તાન-અફઘાનના સાત વ્હોટ્સએપ ગ્રુપ મળ્યા

### ધારીમાં અમરેલી એલસીબીની કાર્યવાહીઃ મૌલાના કોઇ આધાર પુરાવા રજૂ ન કરી શકતાં પુછતાછઃ મુળ જુહાપુરાનો વતનીઃ પાકિસ્તાનમાં કોની સાથે સંપર્ક? તેની ઉંડાણપુર્વક તપાસ

રાજકોટઃ હાલમાં રાજ્યભરમાં બાંગ્લાદેશી ઘુસણખોરોને શોધી કાઢવા પોલીસ સક્રિય બની છે. અનેક આવા ઘુસણખોરોને પકડી લેવાયા છે. જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ મોડ પર આવીને સતત શંકાસ્પદોને ચકાસી રહી છે. આ દરમિયાન અમરેલી એલસીબીએ એક શંકાસ્પદ મૌલાનાને ઉઠાવીને પૂછપરછ શરૂ કરી છે. આ મૌલાના જે મોબાઇલ ફોન વાપરે છે તેમાં અલગ અલગ વ્હોટ્સએપ ગ્રુપ પણ છે. જે પૈકી સાત જેટલા વ્હોટ્સએપ ગ્રુપ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં હોઇ પોલીસે શંકાને આધારે આ મૌલાનાની જીણવટ ભરી પુછપરછ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત થઇ રહેલી વિગતો પર નજર કરીએ તો ગેરકાયદે વસવાટ કરતા લોકોની તપાસમાં ધારીના હિમખીમડીપરાના મદ્રેસામાં ભણાવતા મૌલાના મોહંમદફઝલ અબ્દુલઅઝીઝ શેખ પર એલસીબીને શંકા ઉપજી હતી. આના આધારે પુરતી માહિતી મેળવ્યા બાદ મૌલાના પાસે પોલીસ પહોંચી ગઇ હતી અને તેના આધાર પુરાવા માગ્યા હતાં. જો કે મૌલાનાએ કોઇ આધાર પુરાવા રજૂ ન કરતાં એલસીબીએ ધારી પોલીસ મથકે લાવીને તેની પૂછપરછ કરતાં તે મૂળ અમદાવાદના જુહાપુરાનો રહેવાસી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોલીસે મૌલાના મોહંમદફઝલ અબ્દુલઅઝીઝ શેખ સામે જાણવાજોગ નોંધ દાખલ કરીને તેનો મોબાઇલ કબજે લઇને મોબાઇલની ડાણપૂર્વક તપાસ કરતાં એમાંથી સાત પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં ગ્રુપ મળ્યાં છે. જેની પોલીસ હાલ તપાસ શરૂ થઇ છે. વધુ તપાસ એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર આર. ડી. ચૌધરીએ હાથ ધરી છે.

અમરેલી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જણાવ્યું હતું કે મૌલાનાની શંકાસ્પદ પ્રવૃત્તિઓ લાગતાં એની અટકાયત કરીને પૂછપરછ કરતાં તેનું પાકિસ્તાની કનેક્શન હોવાનું લાગી રહ્યું છે. જા કે આ મામલે હજુ વિસ્તૃત તપાસ બાકી છે. આ મૌલાના પાકિસ્તાની કનેક્શન ધરાવે છે

# ન પાસપોર્ટ ન વીઝા...ઘુસણખોરી કરીને રાજકોટમાં રહેતાં વધુ ૬ બાંગલાદેશી ઝડપાયા

### આ આંકડો કુલ ૨૧ સુધી પહોંચ્યોઃ જીણામાં જીણી પુછપરછ બાદ તમામને ફરી તેના દેશમાં રવાના કરી દેવાશે

રાજકોટઃ શ્રીનગર કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગૃહવિભાગ અને ડીજીપી તરફથી મળેલ સૂચના અંતર્ગત રાજ્યભરની પોલીસ અને બ્રાંચ દ્વારા ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓને શોધી કાઢવા ઝુંબેશ શરૂ થઇ હોઇ રાજ્યભરમાં આ ઝુંબેશ ચાલી રહી છે અને ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓને શોધવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી અંતર્ગત રાજકોટ પોલીસે વધુ ૬ આવા ઘુસણખોર બાંગ્લાદેશીને પકડી લીધા છે. આ સાથે આવા ઘુસણખોરોનો સંખ્યા ૨૧ થઇ છે.

શહેરમાં પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનરની સુચનાથી શહેર એસઓજી, ક્રાઇમ બ્રાંચ, પીસીબી, એલસીબી, ઇઓડબલ્યુની ટીમોએ તેમજ અન્ય બ્રાંચ અને પોલીસ સ્ટેશનો દ્વારા છેલ્લા છ દિવસથી શહેરભરમાં સર્ચ ઓપરેશન હાથ ધરી ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરીને રહેતાં હોય તેવા બાંગલાદેશીઓને શોધવાની કામગીરી એક અઠવાડીયાથી ચાલી રહી છે. તે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૨૧ બાંગ્લાદેશી પકડાઇ ગયા છે. કોઇ પાસપોર્ટ વિઝા વગર બાંગ્લાદેશના જંગલના રસ્તે થઇ એજન્ટ મારફત ભારતમાં ઘુસી ગયેલા આ તમામને પરત તેના વતનમાં મોકલી દેવા, ડિપોર્ટ કરવા કાર્યવાહી થઇ રહી છે.

આ કામગીરીનો આરંભ થયો તે સાથે જ પહેલા દિવસ ૧૦ આવા બાંગ્લાદેશીને શોધી કાઢવામાં આવ્યા હતાં. ત્યાર પછી વધુ ત્રણ, પછી બેને શોધી કઢાયા પછી વધુ છ બાંગ્લાદેશી મળતાં આ આંકડો ૨૧ થઇ ગયો છે. જે બાંગ્લાદેશી પકડાયા છે તેમાં શહેર એસઓજીએ ૧૨, એલસીબી ઝોન-૧ ટીમે ૦૨, આજીડેમે-૦૨, યુનિવર્સિટી પોલીસે-૦૨, થોરાળા પોલીસે-૦૧ અને બી-ડિવીઝન પોલીસે-૦૨ને પકડ્યા છે. શહેરના તમામ પોલીસ સ્ટેશન તેમજ ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, પીસીબી, ઇઓડબલ્યુ, એલસીબીએ તપાસ શરૂ કરી રામનાથપરા, ભગવતીપરા, સોની બજાર સહિતના વિસ્તારોમાંથી એક હજાર જેટલા લોકોને બોલાવી તેની પુછતાછ કરી હતી. તપાસને અંતે આરંભે ૧૦ લોકો ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી ઘૂસણખોરી કરી ગુજરાતમાં અને રાજકોટમાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ આંકડો હવે ૨૧ થયો છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આ બધા અહિ અલગ અલગ વિસ્તારોમાં રહીને છૂટક મજૂરીકામ કરતા હોવાનું સામે આવ્યું હતું. ઝડપાયેલા આ તમામની પુછપરછ જોઇન્ટ આર્મી, બીએસએફ, એરફોર્સ, એટીએસ, સેન્ટ્રલ અને લોકલ અને સેન્ટ્રલ આઇબી, એસઓજી, ક્રાઇમ બ્રાંચ, ઇઓબી, પીસીબી દ્વારા થઇ છે. જીણામાં જીણી પુછપરછ બાદ તમામને પરત તેના દેશમાં મોકલી દેવાશે.

# આ તે કેવો દોસ્ત ઉછીનું બાઇક લઇ ગયો, પાછુ માંગતા મિત્રને ઘુસ્તાવી ધમકી દીધી!

### કોઠારીયા રણુજાનગરમાં રહેતાં યુવાનની મિત્ર વિરૂધ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ મિત્રતાના દાખલા તો દઇએ એટલા ઓછા છે. પરંતુ ઘણીવાર અમુક મિત્રો મિત્રતાને ઠેંસ પહોંચે એવુ કરતાં હોય છે. આવા જ એક બનાવમાં કોઠારીયા રોડ રણુજાનગરમાં રહેતાં યુવાનને બાઇકના પૈસા મામલે તેના જ મિત્રએ મારકુટ કરી માથે જતાં મારી નાંખવાની ધમકી આપી હતી.

આ ઘટનામાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ હુડકો ચોકડી રણુજાનગર-૭માં ઉમા પાન પાછળ રહેતાં એકવીસ વર્ષના હેમાંગ સુરેશભાઇ રામાવતની ફરિયાદ પરથી કોઠારીયામાં ખોડિયાર હોટલ પાછળ રહેતાં તેના જ મિત્ર સાગર દિપકભાઇ કાલીયા વિરૂધ્ધ એફઆઇઆર નોંધી હતી.

વધુ વિગતો મુજબ હેમાંગ રામાવત સ્ક્રેપના ડેલામાં મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે બે મહિના પહેલા મારુ કેટીએમ બાઇક જીજે૦૩એનજી-૯૫૧૩ મારો મિત્ર સાગર કાલીયા ચલાવવા માટે લઇ ગયો હતો.

એ પછી તે મને મારુ બાઇક પાછુ આપતો નહોતો. આથી મેં મારા પિતાજીને વાત કરતાં અમે બંને સાગરને મળ્યા હતાં. ત્યારબાદ તેણે મને બાઇક પાછુ આપી દીધુ હતું. એ પછી ગત ૨૮/૩ના રોજ હું સવારે મજુરીએ જતો હતો ત્યારે કોઠારીયા રોડ ખોડિયાર હોટલ પાસે સવારે ચારેક વાગ્યે સાગર મને જોઇ જતાં મારી પાસે આવ્યો હતો અને કહ્યું હતું કે તું તારું બાઇક પાછુ લઇ ગયો છો જેના તારે મને રૂા. ૩૦ હજાર આપવા પડશે, મેં ખર્ચો કર્યો છે તેમ કહી ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને ગાળો દેવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા હતાં અને જો પૈસા નહિ આપે તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ હું ઘરે જતો રહ્યો હતો અને મારા પિતાને વાત કરતાં અમે અરજી કરી હતી. હવે મારે ફરિયાદ નોંધાવવી હોવાથી એફઆઇઆર દાખલ કરાવી હતી. તેમ વધુમાં હેમાંગે કહેતાં એએસઆઇ એચ. વી. મારવણીયાએ વધુ તપાસ હાથ ધરી હતી.

# દસ-દસ ગુનાઓમાં સામેલ હિરેન વધુ એકવાર પાસાની યાત્રાએ

### હત્યા, હત્યાની કોશિષ, મારામારીમાં સામેલ આંબેડકરનગરનો શખ્સ અગાઉ બે વખત પાસામાં ગયો હતોઃ માલવીયાનગર પોલીસે વોરન્ટ બજવણી કરી

રાજકોટઃ છાપેલા કાટલાઓને સીધા દોર કરવા પોલીસ કમિશનર દ્વારા તેને પાસા તળે જુદી જુદી જેલમાં ધકેલવાની ઝુબેશ ચાલી રહી છે. હાલ શરીર સંબંધી ગુનાઓ આચરવાની ટેવ ધરાવતાં આવા શખ્સો સામે પાસાનું શસ્ત્ર ઉગામાઇ રહ્યું છે. તે અંતર્ગત વધુ એકને પાસા થયા છે. દોઢસો ફુટ રીંગ રોડ પર આંબેડકરનગર-૫માં રામદેવપીરના મંદિર પાસે રહેતાં હિરેન ગોવિંદભાઇ પરમાર નામના અટ્ઠાવીસ વર્ષના શખ્સને પાસામાં ધકેલવાની દરખાસ્ત જોઇન્ટ પોલીસ કશિનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીના માર્ગદર્શનમાં માલવીયાનગર પોલીસે મુકી હતી. જેને બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી વોરન્ટ ઇશ્યુ કરતાં ભાવનગર જેલ હવાલે કરાયો છે.

હિરેન પરમાર નામના આ શખ્સ વિરૂધ્ધ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં પ્ર.નગર, તાલુકા પોલીસ સ્ટેશનમાં દારૂ, મારામારીના ગુના અને માલવીયાનગરમાં મારામારી, હત્યાની કોશિષ, હત્યા સહિતના દસ ગુના નોંધાઇ ચુક્યા છે. આ ઉપરાંત હિરેન અગાઉ બે વખત પાસાની હવા ખાઇ ચુક્યો છે. શરીર સંબંધી ગુનાઓની ટેવ ધરાવતાં શખ્સોને પાસામાં ધકેલવાની ઝુંબેશ અંતર્ગત હિરેન સામે પાસાનું શસ્ત્ર ઉગામાયું છે. માલવીયાનગર પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇ, પીએસઆઇ ડી. એસ. ગજેરા, એએસઆઇ શૈલેષભાઇ ખીહડીયા, હિરેનભાઇ પરમાર, હેડકોન્સ. મહેશભાઇ રૂદાતલા, અજયભાઇ વિકમા, દિનેશભાઇ બગડા, કોન્સ. મનિષભાઇ, ચિત્રકેતુસિંહ, ભાવેશભાઇ, મયુરદાન,અમરદિપસિંહ, પીસીબીના રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રજીતસિંહ સિસોદીયાએ વોરન્ટ બજવણી કરી હતી.

### પહેલા ચાઇનીઝની લારી ચલાવતો'તોઃ આરટીઆઇનો દુરૂપયોગ શીખી જઇ તોડ ચાલુ કર્યા!

# ખંડણી ઉઘરાવતો કોંગ્રેસનો હોદ્દેદાર સાગ્રીત સાથે ઝડપાયો

### શેડ-પાર્કિંગ મુદ્દે દસ લાખ માંગ્યાઃ મહિને વીસ હજારનો હપ્તોઃ શાક બકાલાના ફેરીયાઓ પાસેથી પણ કરતો હતો તોડ

રાજકોટ તા. ૨

આરટીઆઇનો દુરૂપયોગ કરી ધાકધમકીઓ આપી નાણા ખંખેરવાના ખેલ ઉઘાડા પડી રહ્યા છે. સુરતમાં આ પ્રકારે નાણા પડાવતાં કહેવાતા પત્રકારો સહિત અનેકને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. અગાઉ ભાજપના માજી કોર્પોરેટર ખંડણી પડાવતાં પકડાયા બાદ આવા કામમાં ભાઇ-ભાઇની જેમ હવે કોંગ્રેસના માઇનોરીટી સેલના ઉપપ્રમુખ સહિત બે જણાની ખંડણીમાં ધરપકડ થતાં ચકચાર જાગી છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલી એક ખુલ્લી જગ્યા ભાડે રાખીને તેના પર પતરાના શેડ અને પાર્કિંગ બનાવીને ભાડે રાખનારને પાલિકામાં અરજી કરીને શેડ સહિતનાં તોડાવી નાખવાની ધમકી આપી પચાસ હજારની ખંડણી વસૂલવા માટે ગયેલા સુરત શહેર કોંગ્રેસમાં માઇનોરિટી સેલના ઉપપ્રમુખ સહિત બે આરોપીને પોલીસે પકડી પાડ્યા હતા. સલાબતપુરા ચીમની ટેકરા ખાતે રહેતા અને ભંગારનો ધંધો કરતા ફારૂક સફીયુદ્દીન શેખે આંજણા ફાર્મ ખાતે ચીકુવાડી એચટીસી - ૨ ટેક્સટાઇલ માર્કેટની બાજુમાં આવેલી વસંત ગજેરાની ખુલ્લી જમીન ભાડે રાખી હતી. આ જમીન પર તેણે પતરાના શેડ બાંધીને ગોડાઉન તેમજ પાર્કિંગ બનાવ્યું હતું. જેને ભાડે આપીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

ઉમરવાડા ટેનામેન્ટમાં રહેતા અને શહેર કોંગ્રેસના માઇનોરિટી સેલના ઉપપ્રમુખ નૂરૂ ઉર્ફે નૂરૂ ચાઇનીઝ શકુર શેખે એકાદ મહિના પહેલાં પાલિકામાં આ શેડ ગેરકાયદે બનાવ્યા હોવા બાબતે અરજી કરી હતી, જેથી પાલિકાના દબાણ ખાતાના કર્મચારીઓ સ્થળ પર ગયા હતા. જો કે



ફારૂક શેખે પાલિકામાંથી તાત્કાલિક પરવાનગી લઇ લીધી હતી. બાદમાં નૂરૂએ ફારૂકને કોલ કરીને 'તેરે કો અગર યહાં પે ધંધા કરના હૈ તો મેરે કો રૂ. ૧૦ લાખ દેના પડેગા, ઓર હર મહિને રૂ.૨૦ હજાર હપ્તા દેના પડેગા. વરના મેં પાલિકા મેં અરજી કરકે તેરે કો હેરાન કરતા રહુંગા' એવી ધમકી આપી હતી. આ અંગે ફારૂકે પોતાના મિત્ર સમીરને જાણ હતી. સમીરે નૂરૂ અને તેના મિત્ર સાદીક અલીને ઓળખતા હોવાનું કહીને તેમની સાથે વાત કરી હતી. જો કે, નૂરુએ પહેલાં ૨ લાખ અને પછી દર મહિને રૂપિયા વીસ હજારના હપ્તાની માગણી કરી હતી, જેથી ફારુકે પોલીસમાં જણા કરી દીધી હતી, જેથી પોલીસે છટકું ગોઠવ્યું હતું અને રૂ. પચાસ હજાર લેવા માટે આવેલા નૂરુ અને તેના સાથી સાદીક અલી અબ્બાસ અલી પઠાણને ઝડપી લીધા હતા. આરોપી સિદ્દીકી ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરવા ગયો હતો અને પૈસા લીધા બાદ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, એકાદ મહિના અગાઉ ભાજપના ઉધનાના માજી કોર્પોરેટર પ્રકાશ દેસાઈ પણ બાંધકામ તોડાવી નાંખવાની ધમી આપીને ખંડણી લેતાં ઝડપાયા હતા. વધુ વિગતો મુજબ નૂરૂ શાકભાજીવાળા પાસે પણ ઉઘરાણી કરતોં નૂરૂ પોતે કોંગ્રેસનો નેતા હોવાનું અને પાલિકામાં ઉપર સુધીની ઓળખાણ હોવાનું કહીને ઉમરવાડા અને લિંબાયત વિસ્તારમાં પાથરણાં પાથરીને શાકભાજી વેચતા તેમજ છુટક વેપાર કરતા નાના-નાના વેપારીઓ પાસેથી પણ હપ્તા ઉઘરાવતો હતો.

નૂરુ અગાઉ ચાઇનીઝની લારી ચલાવતો હતો. એ પછી આરટીઆઇનો દુરૂપયોગ કરતા શીખી જતાં પોતાને સમાજ સેવક ગણાવીને તોડપાણીનો વેપલો શરૂ કરી દીધો હતચો, જ્યારે સિદ્દીકી અગાઉ ગારમેન્ટની દુકાન ચલાવતો હતો અને તેણે પણ નૂરૂની સાથે મળીને ખંડણીનો ધંધો શરૂ કરી દીધો હતો.

# રાજકોટ IT વિભાગને ૪૮૬૬ કરોડનો ટાર્ગેટ

**ગત વર્ષમાં થઈ ૧૦૦ ટકા ઉપરની રિકવરી ગુજરાતનો ટાર્ગેટ ૧.૧૯ લાખ કરોડ**

## રાજ્ય માટે કેસ કલેકશનનો ટાર્ગેટ ૪૧ હજાર કરોડ

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સી દ્વારા જે આંકડો અને જે ટાર્ગેટ બહાર પાડવામાં આવ્યો છે તેને જો ધ્યાને લેવામાં આવે તો આ વખતે ગુજરાત માટે સૌથી કપડું એ છે કે ૪૧ હજાર કરોડ રૂપિયા આવકવેરા વિભાગમાં કેસ કલેક્શન હેઠળ નો ટાર્ગેટ આપવામાં આવ્યો છે જે પરિપૂર્ણ કરવો થોડો કપરો છે. પરંતુ જોવાનું એ રહ્યું કે શું આ ટાર્ગેટ આવકવેરા વિભાગ ચરિતાર્થ કરી શકશે કે કેમ ?

## ટાર્ગેટને પરિપૂર્ણ કરવા રીયલ એસ્ટેટ , સોના ચાંદીના વેપારીઓ સહિત અન્ય ક્ષેત્ર ફરી એક વખત આવશે રડારમાં

મહદ અંશે આવકવેરા વિભાગ દ્વારા જે દરોડા પાડવામાં આવતા હોય તેમાં રિયલ એસ્ટેટ અને સોના ચાંદીના વેપારીઓ હોટ ફેવરેટ માનવામાં આવે છે. એટલું જ નહીં આ દરમિયાન જે ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને હાંસલ કરવા માટે અન્ય ક્ષેત્રના વ્યાપારીઓ પર પણ આવકવેરા વિભાગ તૂટી પડે તો પણ નવાઈ નહીં પરંતુ જોવાનું એ રહ્યું કે આ વખતે કોનો ઘડો લાડવો થશે. કારણ કે સંબંધ વિભાગ ના સૂત્રોના જણાવ્યા અનુસાર આકવેરા વિભાગ દ્વારા જે ઝુંબેશ ચલાવવામાં આવે છે તેનો ફાયદો તો મળે છે પરંતુ વધુને વધુ જે આવક વિભાગને થતી હોય તો તે સરચ ઓપરેશન માંથી જ થાય છે અને તે જ ટાર્ગેટને પરિપૂર્ણ કરવા માટે મહત્વનો ભાગ ભજવે છે.

## કરચોરો પર તૂટી પડશે IT : ટાર્ગેટ હાંસલ કરવા સામ ,દામ દંડ, ભેદની અપનાવાસે રીત

રાજકોટ તા. ૨

દર વર્ષે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા આવકવેરા વિભાગનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવતો હોય છે અને તે આંકડાને આધીન જ સમગ્ર વર્ષ દરમિયાન કામગીરી કરવામાં આવતી હોય ત્યારે ફરી એક વખત સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા આવકવેરા વિભાગનો વર્ષ ૨૦૨૫- ૨૬ માટેનો ટાર્ગેટ નક્કી કરી લેવામાં આવ્યો છે. જેના માટે અત્યારથી જ આવકવેરા વિભાગના અધિકારીઓ રાજ્યભરમાં કામે લાગી ગયા છે કારણ કે ગત વર્ષની સરખામણીમાં જે વધારો સૂચવવામાં આવ્યો છે તે ખૂબ જ વધુ છે કારણ કે પાંચ કે ૧૦% નો વધારો દર વર્ષે બોર્ડ દ્વારા સૂચવવામાં આવતો હોય છે પરંતુ આ વખતે રાજકોટની જો વાત કરવામાં આવે તો અધધ ૬૭૦ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત માટે રાજકોટ સૌથી મહત્વનું શહેર આવકની દ્રષ્ટિએ માનવામાં આવે છે ત્યારે આ વખતે જે રાજકોટને ટાર્ગેટ આપવામાં આવ્યો છે તે ૪૮૬૬ કરોડ છે. ગત વર્ષે આ ટાર્ગેટ ૪૧૯૬ કરોડ હતો એટલે કહી શકાય કે કુલ ૬૭૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. આ વર્ષે રાજકોટ આવકવેરા વિભાગ કઈ રીતે કામગીરી કરશે તે હવે જોવાનું રહ્યું કારણ કે સમગ્ર ગુજરાતના જો ટાર્ગેટ ની વાત કરવામાં આવે તો તે આંકડો ૧.૧૯ લાખ કરોડનો છે. ત્યારે આ વખતે મહત્વનું એ છે કે ગુજરાત આ પોતાનો ટાર્ગેટ હાંસલ કરે અને તેમાં દરેક આવકવેરા વિભાગના અધિકાર ક્ષેત્રમાં આવતી કચેરીઓ દ્વારા આ ટાર્ગેટ પરિપૂર્ણ કરવામાં આવે.

ગત વર્ષે આવકવેરા વિભાગ દ્વારા જે ૪૧૯૬ કરોડનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો તેને સો ટકા પરિપૂર્ણ કરી લેવામાં આવ્યો છે અને તેમાં વધારો પણ નોંધાયો છે આ તમામ બાબતો ને ધ્યાને લઈ હાલ જે વિગતો સામે આવી રહી છે તેને જોતા રાજકોટને અપેક્ષા હતી કે ટાર્ગેટમાં ૨૫ થી ૩૦ ટકાનો વધારો હોઈ શકે પરંતુ ગત વર્ષના ટાર્ગેટ થી નવા ટાર્ગેટ નો તફાવત પણ નજર કરવામાં આવે તો તે આંકડો ૬૭૦ કરોડનો છે જે અત્યંત કપરો હોય તો નવાઈ નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ રાજકોટનો ટાર્ગેટ રિવાઈઝ કરવામાં આવશે તેવું હાલ માનવામાં આવી રહ્યું છે.

ત્યારે મળતી માહિતી મુજબ આ વખતે રાજકોટ આવકવેરા વિભાગ કરદાતાઓ ઉપર તૂટી પડે તેવું પણ લાગી રહ્યું છે કારણ કે ૪,૧૯૬ કરોડના લક્ષ્યાંક નો પીછો કરવા ઉતરેલી આ ઉપવેરા વિભાગની ટીમને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો ત્યારે હવે જે નવો ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને પરિપૂર્ણ કરવા માટે વહેલા સર તમામ જરૂરી પગલાઓ લેવામાં આવે તેવું ચિત્ર ઊભું થયું છે. હાલ છેલ્લા ઘણા સમયથી રાજકોટની જે છબી જોવા મળી છે તે ઘણું ખરું કઈ જાય છે લાડાણી અને ઓરબીટ ગ્રુપ પરના દરોડા બાદ એવા કોઈ મોટા સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા ન હોવાનું માલુમ પડ્યું છે ત્યારે આજે લક્ષ્યાંકને જો આવકવેરા વિભાગ એ પહોંચી વળવું હોય તો અત્યારથી જ નક્કર પગલા લેવા ખૂબ જરૂરી બન્યા છે તેમાં કોઈ શંકા નથી.




## કોર્પોરેટ ટેક્સ માટે ૧૬૪૯ કરોડ, જ્યારે ઈંઝ માટે ૩૨૧૭ કરોડનો લક્ષ્યાંક

હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ રાજકોટ આવકવેરા વિભાગને કોલ ૪,૮૬૬ કરોડનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેમાં કોર્પોરેટ ટેક્સ માં ૧૬૪૯ કરોડ, જ્યારે ઈંઝ માટે ૩૨૧૭ કરોડનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલો છે. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે આકવેરા વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન વધુને વધુ હાથ ધરવામાં આવે અથવા તો કોઈક એવું પગલું લેવામાં આવે જેનાથી સાગમઠે આઈટીનો ટાર્ગેટ પરિપૂર્ણ થાય તે માટે તંત્ર હવે ઊંધા માથે પડશે.

# ગ્રામ પંચાયતની ચૂંટણી માટે પ્રોવિઝનલ મતદાર યાદી જાહેર

**૧૫મી સુધીમાં ફોટાવાળી યાદી અંગેનો રિપોર્ટ રજૂ કરવા કલેકટરને રાજ્ય ચૂંટણી પંચનો આદેશ**



રાજકોટ, તા. ૨

નગરપાલિકાની ચૂંટણી બાદ હવે રાજ્યની ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે આ માટે રાજકોટ જિલ્લાની પંચાયતોની ચૂંટણીની મતદાર યાદી પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકા ની ૬૫ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૨૪૨ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાશે જે માટેની તૈયારીઓ હાલ શરૂ કરી દેવામાં આવી છે અને એટલું જ નહીં તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર દ્વારા પ્રોવિઝનલ મતદાર યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ૧૫ તારીખ સુધીમા ફોટો વાળી મતદાર યાદી પ્રસિદ્ધ કરી રાજ્ય ચૂંટણી પંચને રિપોર્ટ કરવામાં આવશે. હાલ મહત્વની બાબત તો એ છે કે રાજકોટ તાલુકામાં પાંચ કોટડા સાંગાણીમાં બે, પડધરીમાં ત્રણ, જેતપુરમાં ચાર, લોધીકામાં એક, ગોંડલમાં છ, ઉપલેટામાં ચાર, જસદણમાં પંદર, ધોરાજીમાં બે, જામકંડોરણામાં સાત, તથા વિંછીયા માં ૧૬ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજવા માટે તૈયારીઓ કરવામાં આવશે.

એવી જ રીતે ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં રાજકોટ તાલુકામાં ૪૬ પંચાયતોની પેટા ચૂંટણીઓ યોજાશે તેવું વહીવટી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં વિછીયામાં ૧૨, કોટડા સાંગાણીમાં ૧૭, જસદણમાં ૧૫, લોધીકામાં ૧૩, ગોંડલમાં ૩૪, જેતપુરમાં ૨૪, પડધરીમાં ૨૮, ધોરાજીમાં ૧૧, જામકંડોરણામાં ૨૫ બેઠકો પર પેટા ચૂંટણી યોજાશે અને તે માટે તેની પ્રોવિઝનલ યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યના તમામ કલેકટરોને તારીખ ૧૫ સુધીમાં ફોટાવાળી મતદાર યાદી અંગેનો રિપોર્ટ આપવા માટે તાકીદ કરવામાં આવી છે. બીજી તરફ જિલ્લા કલેકટર દ્વારા અને વહીવટી વિભાગ દ્વારા આગામી દિવસોમાં શાંતિપૂર્ણ માહોલમાં તમામ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી યોજાઈ તે માટે તૈયારીઓ પણ આરંભવી દીધી છે અને તે માટેનો તખતો પણ તૈયાર કરી લેવામાં આવ્યો છે.

આવનારા સમયમાં વિસ્તૃત પ્લાન સાથે જિલ્લા કલેકટર દ્વારા ગ્રામ પંચાયતની ચૂંટણીનું આયોજન હાથ ધરવામાં આવશે જેમાં અનેકવિધ નવતર પ્રયોગો હાથ ધરાય તેવું પણ જાણવા મળી રહ્યું છે કારણ કે વધુને વધુ મતદાન થાય એ કલેક્ટર પ્રભવુ જોશીની હર હંમેશ પ્રાથમિકતા રહી છે ત્યારે ગ્રામ પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણીમાં મતદાન પૂરેપૂરું થાય તે માટેના તમામ આયોજનો હાથ ધરવામાં આવશે.

**છેલ્લા ઘણા સમયથી હોટલનું દુષણ ટ્રાફિક માટે માથાનો દુખાવો હતોઃ તાલુકા મામલતદારે ફેરવ્યું બુલડોઝર**

# પડધરી પાસે સરકારી જગ્યા પર દબાણ દૂર

રાજકોટ, તા. ૨

સરકારી જગ્યા પર જે પણ લોકો દ્વારા દબાણો કરવામાં આવ્યા છે તેમના પર હાલ તવાઈ બોલાવવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે પડધરી પાસે ૪૦ લાખની સરકારી જગ્યા પર જે દબાણો ખડકી દેવામાં આવ્યા હતા તેને દૂર કરવામાં આવ્યું હોવાની વિગત સામે આવી છે. મળતી માહિતી મુજબ હાલ પડધરી પાસે આવેલી સરકારી જગ્યા પર ગેરકાયદે હોટલનું દબાણ કરી દેવામાં આવ્યું હતું ત્યારે આ દબાણને ટાંકીને દૂર કરવા એક વખત નહીં અનેક વખત લેખિત ફરિયાદો પણ કરવામાં આવી હતી પરંતુ કોઈને કોઈ કારણે તે દબાણ દૂર કરવામાં આવતું ન હોવાની એક વખત નહીં અનેક વખત વ્યાપક ફરિયાદો ગોઠવા પામી હતી જે બાદ રેવન્યુ વિભાગ દ્વારા તાકીદે પગલા લઈ આ દબાણને દૂર કરવામાં આવ્યું હતું અને સરકારી જમીન ખુલ્લી કરાવાઈ હતી . મળતી માહિતી અનુસાર જે અનઅધિકૃત બાંધકામ કરવામાં આવ્યું હતું તેને બુલડોઝર થી તોડી



પાડવામાં આવ્યું જે માટે તાલુકા મામલતદાર કેતન શક્યા દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. કલેકટર વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે દબાણ દૂર કરવામાં આવ્યું તેના કારણે ટ્રાફિકને ઘણી અડચણ ઊભી થતી હતી એટલું જ નહીં આ માટે રેવન્યુ વિભાગ દ્વારા અનેક વખત લેખિત ફરિયાદ અને નોટીસો પણ પાઠવવામાં આવી હતી પરંતુ તે કાર્ય થઈ શક્યું ન હતું અને અંતે જે દબાણ છે તેને તોડી પાડવામાં આવ્યું.

આ અંગે તાલુકા મામલતદાર કેતન સખીયાએ જણાવ્યું હતું કે પડધરી નજીકના મોવિયા સર્કલ પાસેના હાઈવે પર ખડકાયેલા હોટલના દબાણને કારણે અકસ્માતોના બનાવો બનતા હતા. આ મુદ્દો રોડ સેફટીની બેઠકમાં પણ ચર્ચામાં આવ્યો હતો. આ હોટલના દબાણ અંગેની મળેલી ફરીયાદ બાદ આજે ડિમોલીશન હાથ ધરી આ દબાણને તોડી પાડી ૪૦૦ ચો. મી. સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. રાજકોટ શહેર જિલ્લા અને તાલુકામાં આ પ્રકારના અનેકવિધ દબાણો જોવા મળતા હોય છે જેને તાકીદે દૂર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે આ માટે હાલ રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લા કલેકટરોને સૂચિત કરી દેવામાં આવ્યા છે અને તેઓને આ ગેરકાયદે દબાણો તોડી પાડવા માટે આદેશ પણ કરવામાં આવ્યો છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી ની સાથોસાથ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ કામગીરી હાથ ધરવામાં આવતી હોવાનું માલુમ પડ્યું છે. અને છેલ્લા ૧૫ દિવસમાં અનેક ગેરકાયદે દબાણોને દૂર કરી દેવામાં આવ્યો હોવાનું પણ હાલ ચિત્ર સ્પષ્ટ થયું છે.

# દસ્તાવેજ ફી પેટે સરકારને ૮૩ કરોડની આવક

**શહેર-જિલ્લામાં ૧૩,૦૦૦ થી વધુ મિલકતોના થયા દસ્તાવેજ : ફરી વખત મોરબી હોટપોકેટ**

રાજકોટ, તા. ૨

છેલ્લા ઘણા સમયથી જંત્રીદાર લાગુ થવાની વાત થઈ રહી છે પરંતુ આ અંગે રાજ્ય સરકાર દ્વારા કલેક્ટર વિભાગને સૂચિત કરી દેવામાં આવ્યું છે અને તે મુજબ જ કામગીરી થાય તે માટે આદેશ પણ કરવામાં આવ્યો હતો ત્યારે નવા જંત્રી દરથી શું પરિસ્થિતિ ઊભી થશે તે માટે ખાસ કમિટીનું ગઠન કરવામાં આવ્યું હતું અને તે રિપોર્ટ પણ હાર રાજ્ય સરકારમાં મોકલી દેવામાં આવ્યો છે. આ વચ્ચે એપ્રિલ મહિનાની જો વાત કરવામાં આવે તો રાજકોટ શહેર અને જિલ્લામાં કુલ ૧૩,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ થયું હતું અને રાજ્ય સરકારને આ માટે કુલ ૮૩ કરોડની માતબર આવક પણ થઈ છે.

હાલ મોરબી રોડ પૂર ઝડપે વિકસિત થઈ રહ્યો છે ત્યારે તે વિસ્તારમાં ૧૭૧૨ મિલકતોનું વેચાણ થયું હતું એટલું જ નહીં મોરબી રોડ અત્યારે રોકાણ કરવા માટે પણ રોકાણકારો માટે હોટ પોકેટ માનવામાં આવી રહ્યો છે. એટલું નહીં મોરબી વિસ્તારમાં જે મિલકતોના દસ્તાવેજો થયા તેનાથી ફી પેટે સરકારને ૮.૯૦ કરોડ જેટલી માતબર આવક પણ થયેલી છે જે સૌથી મોટી વાત કહેવાય. એવી જ રીતે રાજકોટ



એકમાં ૮૯૩, રૈયા વિસ્તારમાં ૮૪૫, રતનપરમાં ૮૬૧, મવડીમાં ૧૩૯૯, મહુવામાં ૮૩૦, કોઠારીયા માં ૮૮૯ તેમજ રાજકોટ ગ્રામ્યની જો વાત કરવામાં આવે તો ૮૧૧ મિલકતોનું વેચાણ થયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જ્યારે ગ્રામ્ય વિસ્તારોની વાત કરવામાં આવે તો ગોંડલમાં ૧૧૫૩, જામકંડોરણામાં ૧૧૫, પડધરીમાં ૨૩૮, વિંછીયામાં ૮૧, જેતપુરમાં ૬૯૨, લોધીકામાં ૮૪૦, કોટડાસાંગાણીમાં ૪૩૪, ઉપલેટામાં ૪૩૩, ધોરાજીમાં ૩૩૭, જસદણમાં ૪૭૮, મિલ્કતોનૂ વેંચાણ થતાં તેના દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે.

અહી એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેર-જીલ્લામાં માર્ચ-૨૦૨૫ સૌથી વધુ ૧૫૮૯૫ મિલ્કતોનું વેંચાણ થતાં તેના દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે. માર્ચ માસની સરખામણીએ ગત એપ્રિલ માસમાં દસ્તાવેજોનાં રજીસ્ટ્રેશનમાં ઘટાડો થયો હોવાનું જાણવા મળ્યું હતું છતાં એપ્રિલ મહિનાની વાત કરવામાં આવે તો ૧૩,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ થતા દસ્તાવેજ નોંધણી મારફતે રાજ્ય સરકારને કુલ ૮૩ કરોડથી વધુની આવક થઈ છે